॥ श्री गोपालो जयति ॥

શ્રી સંગિત અજામિલ

(યાને)

શ્રી નારાયણ નામ મહાત્મ્ય.

રચી પ્રસિદ્ધ કરનાર,

વ્યાસ ત્રંબકલાલ તુળશીદાસ, ગિરનારા બ્રાહ્મણ

રહેવાસી શ્રી ભાણવડ, જામનગર તાબે (કાઠીયાવાડ)

હાલ શ્રી માહિમ (મુંબઈ).

શ્રી 'સરસ્વતી' પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧,૦૦૦.

ઈ. સ. ૧૯૧૫.

ન્યોછાવર ૩ આના.

॥ શ્રી ગોપાલો જયતિ ॥

શ્રી સંગિત અજામિલ

(યાને)

શ્રી નારાયણ નામ મહાત્મ્ય.

રચી પ્રસિદ્ધ કરનાર,

વ્યાસ ત્રંબકલાલ તુલસીદાસ. ગિરનારા બ્રાહ્મણ.

રહેવાસી **શ્રી ભાણવડ**, જામનગર તાબે (કાઠીઆવાડ)

હાલ **શ્રી માહિમ (મુંબઈ).**

શ્રી 'સરસ્વતી' પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧,૦૦૦.

ઈ. સ. ૧૯૧૫.

ન્યોછાવર ૩ આના.

પ્રીન્ટર—મગનલાલ જગજીવનદાસ.
ઠેકાણું—સરસ્વતી પ્રેસ, નં. ૩૩૨-૩૪ નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.
પબ્લીશર—વ્યાસ ત્ર્યંબકલાલ તુલસીદાસ.
ઠેકાણું—કાપડ બજાર, શ્રી ગોપાળલાલની હવેલી, માહિમ (મુંબઇ.)

ચોપડી મળવાનું ઠેકાણું—

ઠા૦ વસનજી પરમાનંદ ચાહાવાળા—કાલબાદેવી, નર-નારાયણના મંદિર પાસે, મુંબઈ.

શ્રી સરસ્વતી પ્રેસ, નાગદેવી સ્ટ્રીટ, ૩૩૨-૩૩૪, મુંબઈ.

વ્યાસ ત્ર્યંબકલાલ તુળસીદાસ, કાપડ બજાર, શ્રી ગોપાળલાલની હવેલી—માહિમ (મુંબઈ)

॥ श्री गोपालो जयति ॥

આ શ્રી સંગિત અજામિલ આખ્યાનને છપાવવા સંબંધી ખર્ચ માટે દ્રવ્યની જે ગૃહસ્થોએ મદદ કરેલી છે તેઓનાં અવીચળ નામ નીચે મુજબ—

રૂ. ૫)	ભણશાલી હરિદાસ નારણદાસ	માહિમ
૫)	ઠા. ડાહ્યાભાઇ અમરશી	વાંદરાવાળા
૨)	શા. પુરૂશોત્તમદાસ છબીલદાસ	માહિમ
૨)	કંસારા દેવચંદ લાધા	મુંબઈ
૧)	શા. કરશનજી લવજી સરાફ	માહિમ
૧)	શા. કાનજી પુરશોત્તમ	,,
૧)	શા. ગિરધર કમળશી	,,
૧)	શા. નરસીલાલ નાનાભાઇ	,,
૧)	શા. જીવનદાસ વંદ્રાવનદાસ	,,
૧)	શા. દુરકાંદાસ જેઠા	,,
૧)	શા. જયંતિલાલ જૈરામ	,,
૧)	શા. નરશી કમળશી	,,
૧)	ઠા. દામોદર માધવજી	,,
૧)	ઠા. રામજી હેમરાજ	,,
૧)	ઠા. ગોકળદાસ કેશવજી	,,
૧)	ઠા. કાળીદાસ હેમરાજ	,,

૧) ડા. હીરજી રતનજી	માહિમ
૧) દેવરાજ મુળજી	,,
૧) સોની ત્રીભોવન મેપા	,,
૧) ધુડદાસ લાલજી પાસનેટવાળા	,,
૧) શા. લક્ષ્મીદાસ પુરૂશોત્તમ	,,
૧) સુતાર કાળા હરજી	,,
૧) ગાંધી ગંગારામ જુઠા	મુંબઈ
૧) દરજી ત્રીકમ સામજી	વાન્દ્રા

મૂખ્ય પાત્રો.

---:૦:---

દેવાનંદ--અજામિલનો પિતા.

અજામિલ--પાપિ બ્રાહ્મણ, દેવાનંદનો પુત્ર.

નંદ, સુનંદ } શ્રી વિશ્ણુ ભગવાનના પાર્સદો.

યમદુત--યમરાજના સેવંકો.

ગોરખનાથ--સાધુ જમાતનો મહંત.

વ્યંકટનાથ, લક્કડનાથ } ગોરખનાથના શિષ્યો (યોગીઓ)

નારાયણ--અજામિલનો પુત્ર.

સ્ત્રી વર્ગ.

સુવૃતા--અજામિલની સ્ત્રી.

લલિતા--સુવૃતાની સખી.

અનંગસેના--અજામિલની રાખેલી સ્ત્રી (વેશ્યા)

તે શિવાય પાડોશી, પાડોશણો, ગાડીવાળો વિગેરે વિગેરે.

॥ श्रीराधे दामोदरो जयति ॥

અર્પણ પત્રિકા

(જોડીને પ્રભુ હાથ નાથ એ રાગ)

રૈવતા* ચળ નિર્મળ ગિરીતણાં
વાશી અવિનાશી પ્રભુ;
દામોદર દુઃખહર ઉર્વિધર સુખકર,
દાયકશ્રય જયજય વિભુ.
કરૂં અર્પણ લઘુ ગૃંથ આ,
ઇષ્ટ દેવ રાધા વર;
"**ત્રંબકલાલ**" પરે ખરે,
ધરો કૃપાલ કૃપા કર.

મ્હારા ઇષ્ટદેવ દુઃખ હર દામોદર! મેં અતિ દૈન્ય-તાથી પ્રિતિ પૂર્વક અર્પણ કરેલા આ લઘુ કાવ્ય (શ્રી સંગિત અજામિલ યાને શ્રી નારાયણ નામ મહાતમ્યનાં ન્હાનાં ગૃંથનો)નો સ્વીકાર કરશો. એજ.

લી૦ દાસાનુદાસ,

વ્યાસ ત્રંબકલાલ તુલસીદાસ, ગિરનારા બ્રાહ્મણ
રહેવાશી શ્રી જામનગર તાબે શ્રી ભાણવડ,(કાઠીયાવાડ),
હાલ શ્રી માહિમ (**મુંબઇ.**)

* ગિરનાર પર્વતનું પુરાણું નામ. (રૈવતાચળ.)

પ્રસ્તાવના.

સુજ્ઞ વાંચક! શ્રી સંગિત અજામિલ ચરિત્રનો મુખ્ય હેતુ એજ છે કે ભાવે યા કુભાવે, જાણતાં યા અજાણતાં મહા પાપિ મનુષ્ય પણ એક વખત મર્ણ સમયે પ્રભુનું નામ ઉચ્ચારણ કરવાથી પાપ મૂક્ત થઈને આ ભવસિન્ધુથી તરી જવા પામે છે. જેમકે આ પુસ્તકનો મુખ્ય નાયક **અજામિલ** અતિ વ્યભિચારી તથા દુરાચારી હતો. મર્ણ સમયે તે પાપિએ પોતાના છોકરા **નારાયણને** બુમ પાડી બોલાવ્યો. તેમાં પરમ કૃપાળુ પ્રભુએ માની લીધું કે આ પાપિએ મરતાં મ્હારા નામનો ઉચ્ચાર કર્યો. જેથી તર્તજ પોતાના પાર્સદોદ્વારા તેને કાલપાશથી મૂક્ત કરાવ્યો. બીજું આ ચરિત્રમાં જાણવાનું છે કે, વ્યભિચારી પુરૂષોની સ્ત્રીઓ કેવું સહાસ કર્મ કરવા તત્પર થાય છે, તેનો દાખલો આ ચરિત્રનાં મુખ્ય નાયકની સ્ત્રી **સુવૃતા** છે. એવા એવા બીજા અનેક રસિક વિષયોથી ભરપૂર આ ન્હાના ગ્રંથનો, સદ્ગ્રહસ્થો યથોચિત ઉપયોગ કરશો

એવી આશા છે. સુજ્ઞ વાંચક ! આ ગ્રંથને બનાવવામાં અમારા હિતસ્વી શેઠ **ભણુશાલી** દામોદરદાસ **હરિદાસ** એમણે ઉત્કંઠાપૂર્વક ઘણો શ્રમ લઈ મને મદદ કરી છે, તો હું તેમનો પૂર્ણ આભાર માનું છું. અસ્તુ.

લી૦

વ્યાસ ત્રંબકલાલ તુલસીદાસ ગિરનારા બ્રાહ્મણ,

સં. ૧૯૭૨
કાર્તક શુદ ૧૧
(દેવદિવાળી)
ને બુધવાર.

રહેવાસી શ્રી જામનગર તાબે શ્રી ભાણવડ,
હાલ માહીમ--**મુંબઈ.**

વ્યાસ ત્રંબકલાલ કૃત

શ્રી સંગિત અજામિલ આખ્યાન

યાને

શ્રી નારાયણ નામ મહાત્મ્ય.

॥ मंगलाचरण ॥

॥ श्लोक ॥

मंगल सदन मंगल वदन ।
मंगल नाथ नमामितं ॥
मंगल करा उर्वि धरा ।
लक्ष्मीवरा भजामिते ॥

શ્રી ગણપતિની સ્તુતિ.

(જાનત પ્રિત રિત એહ રાગ તાલ ત્રીવટ.) (ત્રીતાલ)

નમું પદરે ગજાનન સુખકર; ન.
ધરરે કૃપા કર અમપર (૨)
સધ સંકટને હર તું રે ન.
પૂરતું ઉરજે આશ દાસને (૨)
ઉર વિનતિ આ ધરતું રે ન.

ગદ્ય—અહો સુખદાયક વિનાયક! હું આપનું સ્મરણ કરી જે એક નારાયણ નામથી સર્વ પાપથી મૂક્ત

થયો, એવા અજામિલનું રસિક ચરિત્ર ગાવા આ સમાજ સ્થળમાં ઉભો છું. તો પ્રભુ! આપ મને સ્હાય થજો. અહો માતા સરસ્વતિ! કૃપા કરી પૂર આશને, થા માતુ સ્હાયક દાસને.

પ્રભુ સ્તુતિ.

(તૃત કરો વૃત કરો એહ રાહ. તાલ ધુમાડી)

સિન્ધુ વાશી અવિનાશી;
નમું પદ ત્હારે, સિન્ધુ.
નારાયણ કહ્યું મરતાં અજામિલ. (૨)
પાપ ગયાં પલમાંરે, સિન્ધુ.
દાસની આશને પાર ઉતારો,
નામ મહિમાં ગાઉં પ્રભુ ત્હારો,
ઉભી સ્થળ આરે, સિન્ધુ.
"ત્રંબકલાલ" વિનવે હો કૃપાળુ. (૨)
ધર કૃપા કર શિર મ્હારે સિં.

ગદ્ય—સુજ્ઞ સજ્જનો! આપ એક ચિતે શ્રવણ કરો કે.
(વિષ્ણું બોલ્યા છે વચન એહ રાહ. તાલ ધુમાડી)
* કાન્યકુબ્જનો રહેનાર, દેવાનંદ, કાન્ય.

* કનોજનું પુરાણું નામ.

તેનો સુત સદ્‌ગુણી અજામિલ (૨)
પિતુ આજ્ઞા પાળનાર, દેવાનંદ.
પિતુ આજ્ઞાથી અજામિલ એક દિન. (૨)
ગયો અરણ્ય મોઝાર, દેવાનંદ.

ગદ્ય—અહોહો !! हरिइच्छा महा बळवान् દેવાનંદનો સદ્‌ગુણી પુત્ર અજામિલ જંગલમાંથી યજ્ઞોપ્યોગિ કાષ્ટ, દર્ભ, પુષ્પાદિ લેઇ ઘર તરફ ચાલ્યો આવે છે. તેવામાં કોઇ એક જાર પુરૂષને મદિરા પી તેની કેફમાં મસ્ત બની એક વેશ્યા સ્ત્રી સાથે નિર્લજ રીતે વર્તન કરતો જોયો, અહો ! बनवा काळ बन्याज करे छे. સદ્‌ગુણી શ્રોતાજનો ! "જેને જેવો સંગ કામ તે તેવાં કરશે." અહાહા ! ! આ પ્રમાણે એક દૃષ્ટિ સંગથીજ અજામિલનું શુદ્ધ અંતઃકરણ મલીન થયું. અરેરે हरिमाया महा बळवान् ખરેખર તેવીજ રીતે હરિમાયાથી અજામિલનું શુદ્ધ મન કામદેવને વશીભૂત બન્યું એ પ્રમાણે.

(ઉપલી રાહ.)

સદ્‌બુદ્ધિ ભ્રષ્ટ થયેલ અજામિલ (૨)
મારી માવિત્રોને માર, દેવાનંદ.
કર્યું નાશ સહુ ધન; વૃદ્ધ પિતાનું (૨)
પ્રસન કરવા નિચનાર, દેવાનંદ.

ગદ્ય—છતાં છોરૂ કછોરૂ થાય પણ માવિત્ર કછોરૂ ન થાય. તે કહેવત મુજબ અજામિલનાં વૃદ્ધ માતા પિતા અજામિલને શુભ શિખામણ આપતાં ત્યારે વિષયાંધ બનેલો પાપિ પુત્ર શુભ શિખામણને ન સુણતાં; માતા પિતાને માર મારી હાડેહાડ ભાંગી નાંખતો, એવા–

(ચંદ્રકેતુને સ્વપ્ને એહ રાગ. તાલ ધુમાડી)

કુકર્મિ સુતથી કંટાળી વૃદ્ધ;
દંપતિ શોચે અપાર. કુ.
નિચ સુતનાં નિચ કર્મે કર્યો
આપઘાત નરનાર.......
શોચના સુતને થઇ નહિં રે
સતિ સુવૃતે દુઃખી થઈ રે........

ગદ્ય—અહો ! વૃદ્ધ દંપતિએ નિચ પુત્રથી કંટાળી; ગળે ફાંસા નાંખી પોતાના પ્રાણને શ્રીહરિની હજુરે પોંચાડી દીધો (યાતો મર્ણ પામ્યાં) અરે ! સાસુ સ્વશુર રહિત થયેલી; ઉત્તમ કુળના બ્રાહ્મણની પુત્રી પતિની અપ્રિય થયેલી અજામિલની સ્ત્રી બાપડી સુવૃતા દુઃખમાં ને દુઃખમાં દિવસો વ્યતિત કરવા લાગી. મહા સંકટો વેઠવા લાગી, પણ गरीबनो बेली परमेश्वर, ईश्वर हार्थीने मण अने किडीने कण

આપે રહેછેજ. તેવી રીતે સારા પાડોશીઓના આશ્રયથી બાપડી સુવૃતા પોતાનું ગુજરાન તો ચલાવે છે પણ;

(બ્યેત)

જેહ સતિનો પતિ હોય; વ્યભિચાર કર્મિ,
નિશ દિન દિલે દુખી; કરે શોચના સતિ સુધર્મિ.

ગદ્ય—તેવીજ રીતે એક દિવસે ઘરના ઉમ્મરામાં ઉભી ઉભી વ્યભિચારી પતિના દુઃખથી કંટાળેલી સતિ વિચાર કરે છે.

સુવૃતા—અરેરે !! જે સ્ત્રીનો પતિ ખરાબ ચાલ ચાલનારો હોય; હાય ! તે સ્ત્રીને સ્વપ્નામાંએ સુખ હોતું નથી. ખરે તે તો આ પ્રમાણેજ :—

(પ્રભુ વિશ્વતણા રચનાર—એ રાગ—તાલ ધુમાડી.)

જેહ કુચાલિ પતિની નાર
સુખણી નહિ સ્વપ્ને એ લગાર—સુખણી.
દુઃખણી શોચે સાંજ સવાર—જે.

(એટલું બોલી સુવૃતા રડી પડે છે. તેણીના રૂદનનો સ્વર સાંભળી ત્વરાથી દોડી આવીને)

લલિતા—અરે બાઇ તું કેમ રડે છે;

આ શી જળની ધાર, કહેરે કે' શું છે દુઃખ અપાર, ખાધો શું માર;
ચિડયો ભરથાર, કહેરે કે' તુજ દુઃખનો વિસ્તાર

સુવૃતા (નિશ્વાસ મૂકીને)—સુખણી,

અરે બાઈ મ્હારા સૌ દુઃખને;
જાણે છે કિરતાર,
કહ્યેથી શું છે દુઃખ ટળનાર ?
તુજ મનથી તું કરી લે વિચાર,
તું તો છે પહાડાનિ રહેનાર—સુખ.

ગદ્ય—અરે બેન લલિતા તું તો મ્હારા પહાડાનીજ રહેનાર છે; તો બ્હેન ! ત્હારાથી શું અજાણ્યું છે, તું તો સર્વ બિના જાણે છે.

લલિતા—ના, ના, તો પણ કહે તો ખરી; હું ત્હારા ઘરની વાતને શું જાણું ? કહે બ્હેન ! કહે. (ત્યારે ડસકાં ભરતી ભરતી.)

સુવૃતા—

(સતાનંદ સંભારી કે, એહ રાગ)

તુલશી અપને દુઃખકો,
કહ્યે ન કિશીસન રોય.
ભેદ કહે દુઃખ ના ઘટે;
ભરમ આપનો ખોય.

ગદ્ય—જો બ્હેન! મહાત્માશ્રી તુલસીદાસજીની

વાણી છે કે કોઈ પાસે રહીને દુઃખ કહેવું નહિં. કારણ કે ભેદને પ્રસિદ્ધ કર્યે કંઇ દુઃખ મટતું નથી, ઉલટો પોતાનો ભર્મ ખુલ્લો થાય છે. તો, બસ; બ્હેન! કંઈ કહેવાની જરૂર નથી. (એટલું કહી સુવૃતા મૌન્ય ધરે છે.)

લલિતા—(અધીરતાથી) ના, ના, કહે તો ખરી મ્હારા સમ છે!

સુવૃતા—(નિરઉપાય બનીને) લે બ્હેન! સાંભળ ત્યારે.

(સદ્ગુર સહાશ કરશો નહિ, એ રાગ. તાલ ધુમાડી)

સુણ સાહેલી તું મ્હારી;
કહું મુજ વાત વિસ્તારી, કહું.
પતિ મ્હારો વ્યભિચારી, સુ.
ઉત્તમ છે કુળ બ્રાહ્મણનું,
જગતમાં શ્રેષ્ટ જે ભારી;
કુસંગે મહારા પતિએ,
દિધું નિજકુળ ધિક્કારી—સુ.
અભક્ષા ભક્ષ તે કરતા,
ચંડાળોની સંગે ફરતા;
કરી નિચ નારીની યારી—પતિ.

એવા કુકર્મિ સ્વામિને,
પ્રભુ જાણી શિશ નામિને;
વિનવું છું વારંવારી--પતિ.
તજો તમે કૃત્ય આવું રે,
ઘટે ન આવું થાવું રે;
હરિની કરો ન ગુન્હેગારી--પતિ.

ગદ્ય--અરે બ્હેન! જ્યારે મ્હારા પતિ બ્હારથી ઘરે આવે છે, ત્યારે હું મ્હારા પતિને, ઉપર કહ્યા મુજબ, બે હાથ જોડી નમ્ર વિનંતી કરૂં છું કે, આપ આવાં કુકૃત્યને તજો. પ્રભુ, આપના જેવા ઉત્તમ બ્રાહ્મણને આવાં કામ કરવાં ઉચિત નથી. પ્રાણનાથ! તમોએ જગતની લજ્યાને તો મૂકી પણ, તમો સર્વ શક્તિધર ઇશ્વરને શ્યો જવાબ દેશો? તો પ્રભુ! હું આપને વારંવાર પગે પડી વિનંતિ કરૂં છું કે, સર્વ જગતની મર્યાદાનો તો આપે ત્યાગ કર્યો છે, પણ સર્વ શક્તિમાન પ્રભુનો જરા ડર રાખો. અરેરે!! મ્હારી સાહેલી! એવી મ્હારી વાત સાંભળી મ્હારા પતિ મ્હારી વાતની મશ્કરી કરતા કહે છે કે, અરે! આખરાની ખિશંકોલી સાકરનો સ્વાદ શું જાણે! જોએતો,

(ખ્યેત)

રંડીકા યાર સદા ગુલ્ઝાર,
મખમલોંકા બિછાનાં;
ઔર ફુલનકા હાર.

ગદ્ય—અરે બાઇ! ત્યારે હું મ્હારા સ્વામિને કહું છું કે,

(ખ્યેત)

રંડીકા યાર સદા ખુવાર,
કાંટેકા બિછાના;
ઔર જુતીઓંકા માર.

ગદ્ય—બ્હેન! મ્હારી નિતિયુક્ત વાત શ્રવણ કરી મ્હારા કામાન્ધ પતિ મ્હારાપર ક્રોધીત બની રક્ત નેત્રે મને કહે છે કે, રાંડ બામણી! હું તો માર ખાતો ખાઇશ પણ તું તો લેતીજા. અરેરે!! એમ બોલતા મ્હારા પતિ મને માર મારી, મ્હારાં હાડ ભાંગી નાખે છે. હા........ય લલિતા!

(ખ્યેત)

એવા કુકર્મિ સ્વામિથી,
સુણ સાહેલી ગઈછું હારિ;

કંટાળીને અપાર વિચાર એક;
કરી રાખ્યો છે, સુણ સાહેલી મ્હારી.

ગદ્ય—હવેતો હું આ દુઃખે કંટાળી ગઇ! સખી! હવે તો આ દુઃખે કંટાળી; મેં એક વિચાર કરી રાખ્યો છે કે, જેથી હું મ્હારા પતિ સાથે અગમ્ય સ્થાનમાં વાસ કરીશ. (એવું સાંભળી આશ્ચર્યથી)

લલિતા—અરે બ્હેન! તું કહે છે કે હું મ્હારા પતિ સાથે અગમ્ય સ્થાનમાં વાસ કરીશ તે શું? હું કાંઈ સમજી નહિં તો સમજાવ

સુવ્રતા—લે સાંભળ! હવે તો મ્હારા પતિથી કંટાળી મેં એવો વિચાર કર્યો છે કે;

(બ્યેત)

આવે જ્યારે ઘેર, ઝેર,
આપિશ મ્હારા સ્વામિને,
હું પણ મ્હારા નાથ સાથ;
ઝેર ખાઇશ જાઈશ દુઃખ વામિને.

ગદ્ય—જો લલિતે! મ્હારા પતિ જ્યારે ઘરે આવે ત્યારે તેમને વિષ (ઝેર) આપી હું પણ વિષ ખાઈ બન્ને આ

અસાર સંસારથી મૂકત થઇયે. (એમ કહિ નિચું જોઇ સુવૃતા ઉભી રહે છે).

લલિતા--આ શું ? આવું સાહસ! (શર્મિંદ બનીને)

સુવૃતા--ત્યારે કરવું શું ? મને તો એજ વિચાર સૂજ્યો છે. બ્હેન ! શું કરૂં ? હા........ય ! મને કાંઈ સૂઝતું નથી.

લલિતા--શાન્ત થા, સખી શાન્ત થા ! જો ત્યારે હું કહું તેમ કરશે? તો ત્હારો પતિ પણ ઉગરશે, દુઃખ ટળશે, ને સુખ મળશે.

સુવૃતા--કહે સખી ! સત્વર કહે. બાઇ ! જો મ્હારો પતિ ઉગરતો હોય અને વળી મને સુખ મળતું હોય તો પછી મ્હારે બીજું જોઇયે શું ? (એમ કહી સુવૃતા ઉત્તરની રાહ જોતી ઉભી રહે છે).

લલિતા—લે ત્યારે સાંભળ. જો બ્હેન! પતિનેએ શાને મારવો જોઈએ ને પોતે પણ શાને મરવું જોઇએ ? પરબારૂંજ કાશળ કાઢને ?

સુવૃતા—(અધિરી બનીને) હેં, પણ તે કેવી રીતે?

લલિતા--જો એકનું બે કરતી નહિં હો ! ધ્યાન

રાખજે ! જોજે; " ब्राह्मणीआ मति थोडी, वेची गाय ने लीधी घोडी " તેમ થાય નહિ. સાહોદરા શોમા મહારાજની વાત તો તને યાદ હશેજ !

સુવૃતા—ના બ્હેન ! તું જાણતી હોય તો કહે.

લલિતા—જો સખી ! શોમા મહારાજ જે ગામમાં રહેતા હતા; તે ગામથી પાંચેક ગાઉપર આવેલા એક મ્હોટા શહેરમાં ધર્મશાહ નામનો એક વણિક ગૃહસ્થ ચોર્યાશીની ન્યાત જમાડે છે, એવી વાત સાંભળી શોમા મહારાજે વિચાર કર્યો કે, " અલ્યા શોમા હેડ ! શાળા મહા રાંડના લાડવા ખઈ આઇયે, ને દખણા પણ લઇ આઇયે." એવો વિચાર કરી; શોમા મહારાજ જે ગામમાં ચોર્યાશી થતી હતી, તે ગામમાં ગયા. બહેન સુવૃતા ! ત્યાં બ્રાહ્મણોએ કેવા પ્રકારનું ભોજન કર્યું, તે પણ જરા સાંભળી લે. સખી ! જો.

(કવિત–તાલ દાદરો.)

શેઠ ધર્મશાય, બ્રહ્મભોજન કરવાય;
બમન ભોજન હિત આયે, લડુ દેખિ હર્ષાયહૈ.
† પેખિ રસોઈ ભાત ભાત, બૈઠે જીમને ધરી ખાંત,

† જોઈને.

હોત પ્રફૂલ્લિત ગાત ‡ હર્ષ હૃદયન સમાય હૈ.
અમૃતલાલજી અઢાય, ભયે ભોળાજી સવાયે,
છગનલાલ છહેં* ખાયે, ફેર લડુવા મંગાય હૈ.
બાપુ ભટ્ટજી ખાયે બાર, અંબાલાલકો ચ્યઢાર
ચિમનલાલ હોશિયાર બીશચારકો ઉડાયે હૈ.
આયે ભંગકો ચઢાઇ, ભટ્ટ ભાઇશંકર ભાઇ,
ચઢયો ઘેન મુંહે[1] નૈન મુખ લાર ચલિ જાય હૈ.
તબ ઉસકી નારી આઇ, બોલી ધુસ્સા લગાઇ
મુવા સકત નહિં ખાઇ પિટે લાજકો ગવાય હૈ.
તબ ભવાનિશંકર ભટ્ટ, લડુ ખાયે બિશ[2] ખટ્ટ
[3]અઢે કઢેં કે ઘટ્ટ; યક પલમેં ચઢાય હૈ.
તબ શોમદેવ ભાઇ લડુ ખાયે સત્તાંઇ;
તૃપ્ત ભયો તોય નાહિં ઑટકાર નાહિ આય હૈં.
કહિ ભટ્ટકિ ભટ્ટાઈ[4] નહિ વિપ્ર નિન્દા ગાઇ;
કહે ત્રંબક સુનો ભાઈ, રીતી વિપ્રકી દીખાઇ હૈ.

ગદ્ય—એ પ્રમાણે બ્રાહ્મણો જમિ રહ્યા પછી ધર્મ-શાહ શેઠે સર્વ બ્રાહ્મણોને પાન સોપારી આપી ઉપર આઠ

‡ મે ઢાં. સરીર. * છ. ૧ વીચ્યાં. ૨ છવિશ.
૩ અઢી કઢીનાં માટલાં—ઘડા. ૪ શુરવિરપણું—બહાદુરી.

આઠ આના દક્ષણા દીધી. તે લઇ ધર્મશાહને આશિશ આપી, પોતપોતાને સ્થાને ગયા. બીજી તરફ શોમા મહારાજ પણ આસ્તે આસ્તે પોતાના ગામ તરફ રવાના થયા. કહેવત છે કે, हरामनुं खवाय, तो हाडकां हरामनां थइ जाय. તે કહેવત મુજબ શોમા મહારાજના હાલ થયા. દોઢેક ગાઉ ચાલ્યા કે થાકિને લોથ જેવા બની ગયા તેથી માર્ગમાં એક ઝાડની શીતળ છાયામાં વિશ્રાંતિ લેવા બેઠા. તેવામાં ત્યાં આગળથી ચાર પાંચ ઘોડેસ્વારો નિકળ્યા, તે જોઈ થાકેલા શોમા મહારાજને વિચાર થયો કે, " અરે! શાળું મહા રાંડનું મને પણ આવું ઘોડું હોય તો ચેવું સારૂં? કે એકથી તે વિશ ગઉપર પણ જો લાડવા હોય ત્યાં પણ આ બંદા પોંચી જાય. પણ ઘોડું લાવ્વું ચ્યાંથી? મારી કને પૈશો પૂજી કંઇએ નથી. ઘરમાં તાવડી તડાકા દે છે, ને હાલ્લાં હડીયો કાડે છે. તો ચ્યમ કરૂં " એમ વિચાર કરતાં શોમદેવને અચાનક એક વાત યાદ આવી. " હા! હા શાળે મહારાંડના પેલા ગૃહસ્થે મને એક ગાઇ દાંનમાં આલિ છે. તો તેનું ખરચ પણ બહુ લાગે છે, ને તે તો ફકત છાંણુ ને દૂધજ દે. બિજા તો કશાએ કામની નહિ. તો તે નકામું ખરચ કાઢી નાખું ને એક આવું ફક્કડ ઘોડું લઉં કે બસ. " એવો વિચાર કરી, મૂર્ખ

એવો શોમદેવ ઘરે ગયો. અને કોઇ ન જાણે તેમ ગાઈને છોડી બઝારમાં જઇને પંદર રૂપ્યામાં વેચી નાખી. તે રૂપ્યા લઇ શોમા મહારાજ ઘોડા વેચનાર એક સોદાગરની દુકાને ગયા, ત્યાં જઇને સોદાગરને કહ્યું "અલ્યા! મારે એક ઘોડું લેવું છે, તો સારામાં સારૂં ને ઉમદામાં ઉમદુ ઘોડું આલજે ભઇ!" ત્યારે સોદાગરે પૂછયું "અય બમન! તુઝે કૈસા ઔર કિતની કિમ્મતકા ઘોડા ચૈહે?" ત્યારે શોમા મહારાજે ખિસ્સામાંથી રૂપ્યા કાઢી કહ્યું, લો, મારી કને તો આટલા રૂપૈયા છે. ભિશાબ! તો એક સારૂંથી ઘોડું આલ, ત્યારે સોદાગર ઘણો ગુસ્સે થઈ ગયો, પણ પાછો મનમાં વિચાર કર્યો કે, મારી પાસે એક ઘોડી છે તે ઘણા વર્ષો થયાં માંદિ મરે છે. ને ચાલતાં મરી જાય તેમ છે, તો આ પંદર રૂપ્યા આવે છે તે શ્યા બુરા? તો ગરજાઉ ઘરાકને તે ઘોડી આપી દઉં, નહિ તો તેનું ઉપડામણ પણ માથે પડે તેમ છે. એવો વિચાર કરી સોદાગરે શોમદેવને કહ્યું—"કયોં ભટ્ટજી, ઘોડા ચૈહે કયા?"

શોમદેવ—"હાવે, ભિશાબ? સારૂં આલજે હોં કે?

સોદાગર—"ઘોડા ચૈહે તો કયા પંદહરે રૂપૈયેમેં ઘોડા મીલતાહે? તોભી તૂં બમન હો, ઔર તૂઝે ઘોડેકા

શૌખ લગાહૈ તો હમારે પાસ પંચબિશ રૂપૈયેકી કિંમ્મતકી યક ઘોડીહૈ. તોભી મૈ તૂઝેં પદહરે રૂપૈયેમેં દેતાહું. તુમ્હારી ખુશીમેં આવે તો લીજીયેં મ્હારાજ!" શોમદેવે કહ્યું-"તમારો ઉપકાર ભઇ!" ત્યારે હસતાં હસતાં સોદાગરે કહ્યું-ઉશીમેં ઉપકાર ઔર આભાર કયા? ઘરાકોંકા દિલ ખુશ કરના વહી હમ વૈપારીઓકી ફરજ હૈ. દીખાઉં કયા?

શોમદેવ--હાવે! તમે જે આલો તે કબુલ છે ભઇ! ત્યારે મહારાજનો હાથ પકડી સોદાગરે કહ્યું:- "ચલિયેં મહારાજ!" એમ કહી જ્યાં આગળ માંદી ઘોડી બાંધી હતી ત્યાં તેડી ગયો, અને કહ્યું "દેખીયેં ભટ્ટજી! અહો! શોમા મહારાજ તો ઘોડીને જોઇ ખુશ ખુશ બની ગયા. કેમકે જે ધણીએ કદી એક ગધેડાં સરખાનેએ હાથ નહોતો લગાડયો તેને ઘોડું મળે છે, તેમાં પછી જોવુંજ શું? મહારાજ તો ઘોડીને જોઇ ઉંચા નીચા થવા માંડયા. તે જોઈ સોદાગરે કહ્યું! ભટ્ટજી કયા બિચાર હૈ? ચૈહેં કયા! એ સાંભળી અધીરાઇથી શોમા મહારાજે કહ્યું "હાવે બિશાબ! લે આ રૂપઇઆ ને આલ ઘોડું. હું બાંમણ છું ને આશીર્વાદ દઉં છું કે ભગવાન તારૂં ભલું કરે ભઇ!" શોમા મહારાજે રૂપ્યા આપ્યા. સોદાગરે

ઘોડી છોડી આપ તેપર શોમા મહારાજ સ્વાર બની ઘર તરફ ચાલતા થયા. પણ ઘોડી માંદી હોવાને લીધે બરોબર ચાલી શકિત ન હતી. ત્યારે શોમા મહારાજે વિચાર કર્યો કે, "અરે શાળું મહારાંડનું ઘોડું બરોબર હેંડતું નથી! તો પેલા ઘોડે બેહનારા ઘોડાના પેટમાં પાટું મારતા'તા, તો શાળું ચેવું ખદક, ખદક હેંડતુંતું ? તો હું પણ તે અજમાવિ જોઉં." એમ વિચારી શોમદેવે ઘોડીનાં પેટમાં પાટુનો પ્રહાર શરૂ કર્યો. તે ઘોડી બે અઢી વર્ષ થયાં માંદી હતી; તથા પેટમાં બરલની ગાંઠ હતી, લાત લાગતાંજ તે ગાંઠ ફૂટી ગઈ, ને ઘોડી ચિશ પાડી ધર્ણીએ ઢળી પડી. શોમા મહારાજ પણ પાઘોડા સાથે ઉડી પડયા. તે ઘોડી થોડીવાર ટાંટીઆ ઘસી રામશર્ણ પામી ગઇ. તે જોઈ શોમા મહારાજ તો પોકપોક મૂકી રડવા લાગ્યા. ત્યાં આગળ ઘણાં માણસોનું ટાળું એકઠું થયું. તેમાં શોમા મહારાજના ઓળખીતાઓએ મશ્કરીમાં પૂછયું કે આ કોનું ઘોડું મારી નાખ્યું ? તે સાંભળી શોમા મહારાજ બોલ્યા. "ભૈશાબ! એ તો મારૂં હતું મેં હમણાંજ પેલા સોદાગરને પંદર રૂપૈયા આલી તેની કનેથી આ ઘોડું ખરીદ કર્યું ભઈ!" એમ કહી પોકે પોકે રડવા લાગ્યો કે, શાળા સોદાગરનું નખોદ જાયરે........! શાળાનું સત્યાનાશ

થાય એ શાળાએ મને ગરીબને ગર્દન માર્યોરે બાપ-લીઆઆઆ ! માંદલું ઘોડું આલી મને ઠગ્યોરે........ ! એ સાંભળી લોકો આશ્ચર્ય પામી કહેવા લાગ્યા; " મહારાજ ! તમે રૂપ્યા લાવ્યા ક્યાંથી ?" ત્યારે શોમા મહારાજ ડસકાં ભરતાં ભરતાં બોલ્યા; " મેં મારી ગઇને પંદર રૂપઇઆ-માં વેંચી આલી ને આ ઘોડું લીધું ભઇ !" એમ કહી ફરી પોક મૂકી રડવા લાગ્યા. ત્યારે ભેળાં થયેલાં માણસો હસીને કહેવા માંડયાં. " વાહરે વાહ ! વાહ મહારાજ ! વાહ ! આતો બ્રાહ્મણીઆ મતિ થોડી; વેચી ગાઇ ને લીધી ઘોડી, કેમ દેવ ! અમારી વાત ખરી છે કે ખોટી ?" ત્યારે પસ્તાવો કરતા માથે હાથ મૂકીને રોતા રોતા દેવ બોલ્યા, " હાં ભઇ ! સાંચી ! સાંચી ભૈશાબ સાંચી ! !! કે જેનાપર મારા આખા કુટુંબનું ગુજરાણ ચાલતું એવી ગઇને મેં પંદર રૂપૈયામાં વેંચી આલી; ને આવું ઘોડું લીધું." અહો ! તેવામાં કોઇએ કહ્યું; " આ લાસને રસ્તા વચ્ચેથી જલદી કઢાવીનાંખો નહિં તો ડંડાઇ જશો મહા-રાજ ! ડંડાઈ જશો !" એવું સાંભળી મહારાજના તો હોશકોશ ઉડીગયા, ને ચોર્યાશીની દક્ષણામાં મળેલા આઠ આના આપી ઘોડીના શબને ઠેકાણે કરાવ્યું; લોક હોહો !! કરતાં વિખેરાઇ ગયાં; ને દેવ પણ માથે ધોળું ઘાલ્યું ઓઢી

પોક પોક મૂકી રડતા રડતા ઘેર ગયા ત્યાં ભટ્ટાણીમાંએ પણ ખુબ ખાસડાં દીધાં! અહો બેન સુવૃતા! તો તું પણ કયાંક તે માહેલું કરતિ નહિ કેમકે.

(સતાનંદ સંભારીકે, એહ રાગ)

વગર વિચાર્યું જે કરે
મૂઢળ તે પસ્તાય,
"ત્ર્યંબક" એવા કાર્યથી
તન ધન હાનિ થાય.

ગદ્ય—તો બ્હેન! જે કામ કરવું તેનો લાંબો વિચાર કરીનેજ કરવું; કે પાછળથી પસ્તાવું ના પડે. (ખુશી થતી થતી)

સુવૃતા—નિશ્ચિન્ત રહે, સખી! સત્વર કહે.

લલિતા—એ, મ્હારી શાણી સખી!

(ધન્ય ધન્ય લાલ. એ રાહ. તાલ દાદરો)

દિજૈ ન દિજૈતો વેશ્યાકુ દિજૈ;
દિજૈ ન વિપ્ર રાજકું....એ........દિજૈ.
વેશ્યાકું દિજૈ કરી દ્રંશ;
વિપ્રકું દિયે જાય વંશ.
કરીયે સંભાળી કાજકુ; રે સૈયા
મોરી .. ....દિજૈ ન વિપ્રરાજકું... દિજૈ.

(સખીને ભેટી પડીને) **સુવૃતા**—ધન્ય સખી,
ધન્ય ધન્ય બલિહારી તોયે તન
મન........(૨)
બચાયો મમશિર તાજકું; રે સૈયાં.
લલિતા—મોરી સંભાળી કિજૈકાજકું....દિ.

ગદ્ય—**સુવૃતા**—ધન્ય છે બ્હેન લલિતા! તને ધન્ય છે! સખી! તું તો અમારી પ્રાણદાતા થઈ. વાહરે વાહ!!

લલિતા—જોજે બ્હેન! સંભાળજે! ધ્યાન રાખજે! ભૂલતિ નહિ; બ્હેન! એકનું બે કરતી નહિ; જોજે હો! (લલિતા જાય છે)

સુવૃતા—(લલિતા ગયા બાદ સ્વગત) વાહરે વાહ!! શી તે બાઇની બુદ્ધિ! શી તેણીની અક્કલ! ધન્ય છેરે તેણીનાં માવિત્રોને કે, તેણીને જન્મ આપ્યો. અહોહો!! आगळ मति वाणिआ पाछळ मति ब्रह्म; तरत बुद्धि तरकडो के धोको मारे धम. તેવીજ રીતે પાછળ મતિ યા તો થોડી બુદ્ધિવાળી હું બ્રાહ્મણી; મ્હારો તથા મ્હારા પતિના પ્રાણનો નાશ કરવા બેઠી હતી. તેવામાં મ્હારી પરમ સ્નેહી લલિતા બ્હેનની અમૃતરૂપ શુભ શિખામણે અમો દંપત્તિના પ્રાણ

ઉગર્યા. ખરે; आगळ मति वाणिआ ते કહેવત કંઇ ખોટી નહિ (એમ કહી આકાશ તરફ જોઇ હાથ જોડીને) અહો પ્રભુ! અમારા પ્રાણ બચાવનાર મ્હારી સાહેલીનું સર્વદા કલ્યાણ કરજો. (તેવામાં ત્યાં આગળથી ભજન કરતી સાધુની જમાત નિકળે છે.)

સાધુઓ—

(સખીજાન જગત વહેવાર એહ રાહ, તાલ ધુમાડી.)

યહિ વૃથા ખલકમે સાર નહિં કછુ ભૈયા—નહિક.
કાહુકે જર જોરૂ; તાત ભ્રાત સુત મૈયા
પૈં હરિ માયાકી ઝાલ કઠીન હૈ ભારી,—કઠીન.
તારો હરિવર બિન કૌન શકેગા ઉગારી
ઐશા બિચારી દુઃખહારી,
ભજન નીત કરના, —ભજન.
હરિ ભજન બિના ઔર સુખ,
નહિ જગ બેર બેર અવતરના.

(એમ ભજન કરતા સાધુઓ જ્યાં સુવૃતા ઉભી છે તે નજીક પહોંચે છે કે, વ્યંકટનાથ તથા લક્કડનાથ નામનાં બે યોગીયોને તૃશા લાગે છે તેથી પોતાના ગુરૂ ગોરખનાથને નમિને.)

વ્યંકટનાથ તથા લક્કડનાથ--ગુરૂજી! ગુરૂજી! હમકો તો પ્યાસ લગિ હૈં, (ત્યારે સુવૃતા ઉભી હતી તે તરફ હાથ કરીને.)

ગોરખનાથ--અચ્ચા દેખો, ઓ બાઇકો પૂછોકિ; ઇતનેમે કોઇ ઉત્તમ બ્રાહ્મણકા ઘર હૈ? જો હોય તો ઉધર જા જલપાન કરઆઓ.

વ્યંકટનાથ તથા લક્કડનાથ--(ગુરૂને નમિને) જૈસી આજ્ઞા (એમ કહી જ્યાં સુવૃતા ઉભી છે ત્યાં જઇને સુવૃતા પ્રત્યે) અરી મૈયા! ઇતનેમેં કોઇ ઉત્તમ બ્રાહ્મણકા ઘર હૈ? જો હોય તો બતલા દિજીયે; મૈયા હમકો પ્યાસ બ્હોત લગિ હૈ.

સુવૃતા--(યોગીઓને નમિને) હ્યો યોગિરાજ! હું બ્રાહ્મણ છું. આવો તમોને જલ પાઉં. (ત્યારે ખુશી થતા.)

સાધુઓ--અચ્છા માઈ! હમ ઈધર ખડે હૈ, તુમ જા જલ લે આઓ. (એમ કહિ સાધુઓ આંગણાં પાસે ઉભા રહે છે)

સુવૃતા--યોગિરાજ! આપ અહિં બિરાજો. હું જળની ગાગર ભરી લાવું છું. (એમ કહી સુવૃતા ઘરમાં

જાય છે અને થોડી વારે હાથમાં જલનું પાત્ર લઇ જ્યાં સાધુઓ ઉભા છે ત્યાં આવી સાધુઓને નમન કરીને) લ્યો મહારાજ ! આ જલ.

સાધુઓ—અચ્છા માઇ ! પૃથ્વિપે જલ છાંટકર ગગરીકો ધર દે ! (સુવૃતા જમિનપર જલ છાંટી ગાગર મૂકે છે. ત્યારે સાધુઓ જલપાન કરી ગાગર સોંપીને) અહો મૈયા ! તેં જો હમ પ્યાસે અતિથીકો જલપા બડા સત્કાર કીયા. વાહ માઇ ! તો હમારી યોગિજનકી આશિશ હૈકી તૂં તેરા પતિસે બડી માનવંતી હો. ઇશ્વર તુમ્હારા કલ્યાણ કરે. ("તૂં તેરા પતિસે બડી માનવંતી હો." એવું સાંભળી સુવૃતાએ નિશ્વાસ મૂક્યો; આંખમાં જળજળીઆં આવી ગયાં. તે જોઇ સાધુઓએ વિચાર્યું કે આ બાઈ દુઃખણી હોય તેમ લાગે છે. એવું વિચારીને)

સાધુઓ—અરી મૈયા ! તૂં હમારી આશિશ સુની દિલગિર ક્યોં ભઇ ? બોલ દે મૈયા ! બોલ દે ! ક્યા દુઃખ હૈ ? જો નારાયન કરે તો તુમ્હારે દુઃખ દૂર હોય એસા ઉપાય બતલાવેંગે.

સુવૃતા—(નિશ્વાસ મૂકીને) કાંઈ નહિ યોગિરાજ ! હોય, કર્મમાં વિધીએ જેમ લખ્યું હોય તેમજ થયા કરે

છે. મહારાજ! કાંઇ નહિ. મને તો મ્હારા વિદ્વાન સસરાજી પુરાણો વાંચતા તે હું સાંભળતી તેમાંથી મને એક વાત સારી રીતે યાદ રહી છે કે,

(श्लोक.)

लिखिता चित्रगुप्तेन्
ललाटाक्षर मालिका ।
तन्न चालयितुं श्क्यां
असुरै स्त्रि दशैरपि ॥ १ ॥

ગદ્ય—ચિત્રગુપ્તે જે લલાટમાં અક્ષરમાળા લખિ છે; તેને મટાડવા સુર અસુર કોઇપણ સમર્થ નથી તો; યોગિરાજ! આપણ પામર પ્રાણીની તે શી ગુંજાશ હોય! મહારાજ!

યોગિઓ—મૈયા! કહતો ખરી! ઇશ્વર કરે તો તુમ્હારે દુઃખ દૂર હોંગે. ઔાર તૈં જો કહાકી ચિત્રગુપ્તકે લિખે અંક કિસેસેં વૃથા નહિ હો સકતા; તોભી હમ કહતે હેકી

(श्लोक.)

यद्धात्रा लिखितं भाले
तन्मृषानैव जायते ।
ऋते श्रीनारायण दासानां
प्रेम निर्भर चेतसाम् ॥ १ ॥

ગદ્ય—વિધિકે લિખે અંક કિસેસેં મિથ્યા નહિ હો સકતે; તોભી શ્રી નારાયન ભગવાનકે પ્રેમિ ભકતોંકો છોડ યેહ નિયમ જૈસા લિખા વૈસા ફલ દેનેંવાળા હે. તો મૈયાં! શ્રીનારાયન ભગવાનકા ભજન કરના. नारायन! नारायन! नारायन! અબ હમેંકો કહકી, તૂઝે કયા દુઃખ હે? બોલ મૈયા! બોલ! તે સાંભળી આસું લુંછી ધૈર્ય ધરી બે હાથ જોડીને સાધુઓ પ્રત્યે)

સુવૃતા—

(સ્વામિજી સુણો નથી દોષ જરી એહ રાગ. તાલ દાદરો.)

સાધુજી સુણો શું કહું
દુઃખને........રે........સા.
લ્યો વિચારી; હાંહાંરે લ્યો—૦
વ્યભિચારીની નારી........
શું જોશેરે સુખને....રે ...સા—૦

ગદ્ય—સાધુ મહારાજ! શું કહું? શું વ્યભિચારી પતિની નારી કદિ સુખ મેળવવાવાળી છે? કાંઈ નહિ મહારાજ! હોય....! સતિ સતિયા સર્વેનેએ સુખ દુઃખ ભોગવવું પડે છેજ. હા........ય! (એટલું કહેતાંમાં સુવૃતાનું હૃદય ભરાઇ આવે છે; અને નિશ્વાસ મૂકતી ઉભી રહે છે.) ત્યારે સાધુઓ વિચાર કરીને

સાધુઓ--(સુવૃતાને ધૈર્ય દેતા) મૈયા મતિ ડરૈ! તૈં જો હમ યોગિજનકો જલપાન કરા બડા સત્કાર કિયા; તો હમનેં તૂઝેં બડા આશિશ દિયા, ઉસિકા ફળ તૂઝેં મિલનાં ચાહિયે. મૈયા! અબ હમ તૂઝેં જો ઉપાય બતાતે હૈં સો શ્રવણ કર.

સુવૃતા--(હર્ષેગી) કહો મહારાજ!

સાધુઓ--

(જરૂર આ વૃત તૂં, એહ રાગ. તાલ ધુમાડી.)

મૈયા સોચ મતી કરતું,
હરિહૈં સર્વ દુઃખ હરિ
દુઃખ હારી..........
પ્રશવિ હૈં સુત તોહી; (૨)
ધરીજે નામ "નારાયન"
સુખકારી..........

ગદ્ય--મૈયા! શ્રીનારાયન ભગવાનકી કૃપાસે તૂઝે તેરા પતિ અનુકુળ હોંગે, તૌભી સો અપની કૂટેવ તો નાહિ તજેંગે; પૈં ઈશ્વર કૃપાસે તૂઝેં પુત્ર હોગા. સો ઉસિકા **"નારાયન"** એસા નામ ધરનાં. ઉસિસે, તેરા ઔર તેરા પતિકા કલ્યાણ હોગા.

નારાયન, નારાયન,
નારાયન, નારાયન.
દુઃખહર સુખકર મુકુંદ મુરલિધર,
રાધે શ્યામ રાધે શ્યામ.
જય ધનું ધારી રામ, નારાયન.

(એ પ્રમાણે પ્રભુનું ભજન કરતા સાધુઓ ચાલતા થાયછે તેઓ ગયા બાદ,)

સુવૃતા—(સ્વગત) અહો ! હવે તો મ્હારી દુઃખ-રૂપી રાત્રીનો અંત આવતો લાગે છે. હવે હરિ કરે તો સુખનો વખત નજીક આવતો જણાય છે. તો હવે હું મ્હારી સાહેલીના કહ્યા પ્રમાણે તે ઉપાય કરવા પ્રયત્ન કરૂં. (એમ વિચારી થોડી મિઠાઈ મંગાવી તેમાં વિષ ભેળવી એક રકાબીમાં સાજી ઘરમાંની એક તાકાબારીમાં મૂકી સ્વગત વિચાર કરવા લાગી કે) મેં મ્હારી સાહેલી લલિતાબાઇના કહ્યા મુજબ મિઠાઇમાં ઝેર ભેળવી તૈયાર કરી રાખી છે; અને મને પૂર્ણ ખાત્રી છે કે મ્હારા પતિને તેમાં કાંઈ પણ ઇજા પહોંચવાની નથી. કેમકે, મ્હારા સ્વામિનાથનો તો એવો નિયમ છે કે દરેક વસ્તુ પહેલાં રાંડ ગુણિકાને દેવી, અને પછી ગુણિકા બાઈની ખાતાં વધેલી એઠ લેવી. તો મને શી ચિન્તા છે. એક

કોળીઓ હોઠને અડે, કે ગુણીકા બાઇ લાંબાં થઈને પડે. એવું ઝેરી વિષ છે. (એવો વિચાર કરતી ઉભી છે તેવામાં ઘોડા ગાડી આવતી હોય તેવો અવાજ સંભળાય છે. તે સાંભળી ચમકીને સ્વગત) ખરે ખર! તે તો રાંડ અનંગસેના ગુણીકાને સાથે લઈ મ્હારા સ્વામિનાથ આવતા જણાય છે. તો હવે હું આમને આમ ફર્યા કરીશ તો કામ થવું મુશ્કેલ છે. તો ચાલરે જીવ! એવી યુક્તિ રચીને બેસું. (એમ વિચારી ઘંટીપર દળવા બેસી જાય છે. આજ તો મનમાં જુદીજ જાતનો હર્ષ આવી ગયો છે, (સાલ કાઢવાનો) તેથી સ્ત્રી સ્વભાવને લીધે દળતી દળતી ગિત ગાવા માંડે છે.)

સુવ્રતા—(શું રે કરવુ રે રાણાં—એહ રાહ, તાલ ધુમાડી.)

સાલતો જશેરે મ્હારૂં; સાલતો જશે,
પ્રભુજી કરશે સારૂં, મ્હારૂં સાલતો.
કંઇક સુખ જડશેરે;
સાલ ગયેથીરે (૨)
મટશે કરમ આ નઠારૂં, પ્રભુ કરશે સારૂં સા.
મુજને થશેરે સુત;
એવું કહ્યું જોગીએ (૨)
તો તો મટે દુઃખ અંધારૂં—પ્રભુ કરશે સારૂં સા.

(તેવામાં અજામિલની ગાડી ઘર પાસે આવી પહોંચે છે કે ગાડીવાળો ગાડી ઉભી રાખે છે તેમાંથી અનંગસેના ગુણિકા સાથે અજામિલ ઉતરે છે; અને ઘરમાં પ્રવેશ કરે છે તો સુવૃતાને હર્ષથી ગિત ગાતિ જોઇ આશ્ચર્ય પામિને.)

અજામિલ—(સ્વગત) અરે આ તે શું? દરરોજ તો મને અને મ્હારી ગુણવંતિ ગુણિકાને જોઇ આ રાંડ સળગી ઉઠતી, પણ આજે તો આટલી બધી હર્ષાઇને ગિતાં ગાય છે! અહોહો!!! આ તે શું? શું આજે રાંડનાં બાપ ભાપનાં લગન બગન છે કે શું? ચાલ તો ખરો પૂછી તો જોઉં કે શું છે? એમ વિચારી જ્યાં સુવૃતા હળે છે ત્યાં જઇ તેણીનાં માથામાં ટાપલી મારીને હસ્તો હસ્તો પૂછવા લાગ્યો, કેમરે બામણી! આજ તો તને આટલો બધો શ્યો હર્ષ થયો છે કે ગિતાં ગાય છે ગિતાં!! (પણ સુવૃતા કંઇ જવાબ દેતી નથી. ત્યારે રીસ કરી લાત મારીને) કહે કહે શું છે?

સુવૃતા—હં, હવે લાત તે શાને મારો છો! હોય; ગિતાંએ ગાઇયે, ને કદિ નહિ ને સારૂં સારૂં ખાવાનું મળે તો હર્ષાઈયે. (તે સાંભળી)

અજામિલ—(આશ્ચર્યથી) શું શું? સારૂં ખાવાનું તે શું?

સુવૃતા– (હસ્તે હસ્તે) હોય! જે હોય તે! તમારે શું? (એમ કહી ફરી ઉપલું ગાયન ગાવા માંડે છે. સાલતો—૦ તે સાંભળી)

અજામિલ—(દળતી અટકાવીને, આતુરતાપુર્વક) કહેતો ખરી! શું છે? કહે!! જો ન કહે તો ત્હારા બાપના સમ! ત્હારા ભાઈના સમ! અરે ત્હારા કાકા કુટુંબનાં સમ! તને સર્વેનાં સોગંદ છે, માટે ખરેખરૂં કહેજે, નહિ તો સર્વે મરી જશે. તો ન બાપિ થશે! ન ભાઇ થઇશ! માટે ખરેખરૂં કહે.

સુવૃતા—(હસ્તે મુખે) બિનાફોકટના સોગંદ તે શાને આપો છો? જુઓ હું કહુંછું કે આજે મને એકાદશીનું વૃત છે, તો મ્હારા માવિત્રોએ હું ગરીબ દીકરીપર મહેર કરી ફરાળ માટે સારી, સારી મિઠાઇ મોકલી છે તો કદિ નહિ ને આજે મને સારૂં સારૂં ખાવાનું મળશે માટે આનંદ થયો છે, ને હર્ષાઉં છું, ને ગાઉં છું. એમ કહી ફરી ઉપલું ગિત ગાતિ દળવા માંડે છે.

અજામિલ—(મનમાં) મિઠાઈને બદલે ખાય રાંડ પથ્થરા. પણ પૂછી તો જોઉં, કે તે મિઠાઈ કયાં રાખી

છે. જો તે બતલાવે કે, રાંડને ખાવા ન દેતાં તે મિઠાઈને તો મ્હારી ગુણવંતિ ગુણિકાને ખવરાવી દઉં ને રાંડનાં હર્ષને હમણાંજ ભગાડી મૂકું. (એમ વિચારી સુવૃતા પ્રત્યે પ્રકાશ) કહે ક્યાં છે તે મિઠાઈ? (પણ સુવૃતા તો જાણે કાંઇ સાંભળતીજ ન હોય; તે પ્રમાણે જવાબ ન આપતાં દળતાં દળતાં ઉપલું ગિત ગાવા માંડે છે. સાલતો—૦ ત્યારે તેણીને દળતી અટકાવીને ફરી પૂછવા લાગ્યો) કહે તો ખરી! ક્યાં છે તારા બાપના ઘરની મિઠાઇ? કહે કહે!! સાચું કહે! ક્યાં છે?

સુવૃતા—(કટાક્ષથી) ક્યાં છે તેનું તમારે શું? તમારે ખાઇ જવી છે કે શું? જાઓ, જાઓ, નહિ કહું. ના, ના, જાઓ, જાઓ, નહિ કહું. ઘરમાંની તાકા બારી ....માં. ..રાખેલી છે. અરે! ભૂલી, ભૂલી!! જાઓ, જાઓ, (એમ કહિ ફરી દળવા તથા ગાવા માંડેછે. તાકા બારીમાં છે; એવું સાંભળી અજામિલ સુવૃતાના માથામાં ટાપલી મારી ઘરમાં દોડ્યો જાય છે, અને તાકા બારી ખોલી તેમાંથી રકાબીમાં સાજેલી મિઠાઈ બહાર કહાડે છે, અને પોતાના નિયમ મુજબ એક કોચપર બેસી અનંગસેનાને પાસે બેસાડી, હસ્તે હસ્તે અનંગસેના પ્રત્યે)

અજામિલ—અહો અનંગસેના! જો તો ખરી; આજે તો એ રાંડના બાપે ફરાળ માટે મિઠાઈ મોકલાવી, પણ આ બંદા કયાં તેણીને ખાવા દેવાના હતા. શું એ બામણીનું મોઢું મિઠાઈ ખાવા લાયેક છે? ના, ના!! માટે લે! આ મિઠાઇ તો તૂંજ ખા. (એમ કહિ અનંગ-સેનાને તે મિઠાઇનો કોળીઓ આપવા માંડે છે ત્યારે.)

અનંગસેના—(ખુશી થતી) અહોહો!! વ્હાલા! આપનું મ્હારાપર કેટલું બધું હેત છે? વાહરે વાહ!! આ મિઠાઇને તો પહેલાં આપજ આરોગો. (તે સાંભળી અજામિલ દિનતાથી.)

અજામિલ—પ્રિય! તું તો જાણેજ છે કે મ્હારો શ્યો નિયમ છે? પહેલાં તૂં અને પછી હું. માટે લે રે લે!! (કોળીઓ આપવા માંડે છે ત્યારે માન ખાતિ.)

અનંગસેના—ઉંહુ, હંહં, ત્યારે તમો પણ લ્યોને.

અજામિલ—(હસ્તે હસ્તે) હા, હું પણ લઈશ. તૂંતો લે! (એમ કહિ મિઠાઇનો કોળીઓ અનંગસેનાના મુખમાં આપે છે કે ઝેરનો સ્વાસ તેણીના મગજમાં ચ્હડી જાય છે. એવી રીતે એ કોળીઓ અર્ધો મોઢામાં ને અર્ધો બહાર રહી જાય છે, ને મોઢું તથા આંખ્યો ફાટી રહી

જાય છે. એવી રીતે ઝેરી વિષથી મર્ણ પામી અનંગસેના હાચપર ઢળી પડે છે. (એવું જોઇ ગભરાટથી)

અજામિલ—અરે, અરે, આ શું? અરે! મ્હારી ગુણવંતિ ગુણીકા! અરે, અરે, તને શું થયું. (એમ બોલતો અનંગસેનાનું શરીર તપાસે છે તો નિર્જીવ જોઇ વિલાપ કરતો.)

(ભૈરવી, તાલ દાદરો.)

અરરરરરર શું રે થયું; ગુણીકા
ગુણ ગારી....અ.
હા.......ય; હા........ય!!
નેત્રો થયાં લિલાંકાચ; હાય,
હાય પ્યારી;....અરરરરર શું.
રચ્યું કાવત્રું આજ આ; બ્રાહ્મણી ઘોઝારી,
અદેખીએં હાય હાય નાંખી તૂંને મારી—અરરરરર.

ગદ્ય—અરરરર!!!!....મ્હારી ગુણવંતિ ગુણીકા! અરે બોલતો ખરી! અરે હાય હાય!! અરેરે, તને શું થયું? અરે હાય! તૂં તે કયાંથી બોલે; હા....ય! તને તો રાંડ ઘોઝારી બ્રાહ્મણીએ મારી નાંખીરે....હાય હાય!! રે.... (એમ કહી પોક મૂકે છે તે અવાજ દળતાં દળતાં સુવૃતાનાં સાંભળવામાં આવે છે તેથી ઘંટીપરથી ઉઠીને.)

સુવૃતા—(સ્વગત) કાશળ તો ગયું લાગે છે. જોઉં તો ખરી. (એમ વિચારી અજામિલની નજીક જઇને પ્રકાશ) કેમરે! ગુણવંતાં ગુણીકા શું કરે છે એ? (તે સાંભળી રીશથી.)

અજામિલ—જા, જા, ઘોઝારી રાંડ! મને ત્હારૂં મોઢું ન બતાવ. (એમ કહિ ફરી અનંગસેનાના શબ સામું જોઈ) હાય, હાયરે....મ્હારી ગુણવંતિ ગુણીકા.... હાય, હાય,!! (એમ રૂદન કરતો અજામિલ મૂર્છીત બની ધરણીએ ઢળી પડે છે, તે જોઇ ગભરાઈને.)

સુવૃતા—(સ્વગત) અરે રે!! આતો એક કરતાં ક્યાંક બીજું થશે. માટે કાંઇક એવી યુક્તિ કરૂં કે તેમ થવા ન પામે (એમ વિચારી અજામિલ નજીક જઇને, જે પ્રમાણે અંગસેના બોલતી તેવા સ્વરે અજામિલ પ્રત્યે) નાથ, નાથ!! સ્વામિનાથ! મ્હારા હૈયાના હાર! પ્રાણાધાર ઉઠો ઉઠો!! આમ તે શું કરો છો? (એવા વચનો શ્રવણ કરી અજામિલ મૂર્છામાંથી જાગ્રત થાય છે. તો પાસે સુવૃતાને બેઠેલી જોઇ.)

અજામિલ—(ક્રોધથી) જા, જા, ઘોઝારી રાંડ! હું ત્હારૂં મોઢું જોતો નથી! દુર્મુખી! મને ત્હારૂં કાળું

મોહું ન બતાવ. (તે સાંભળી રક્ત નેત્રે પતિને ઠેકાણે લાવવાને યુક્તિથી સહ ક્રોધે.)

સુવૃતા—(ફટાણાની ચાલ, તાલ કેરબો)

કહિ છે ઘોઝારી, નવ બોલ્યારે
વિચારી....કહિ.
હવે વાત છે તમારી, તમે ગુણીકા
નાંખી મારી, આ ચાલીરે, કરૂં
વાત પ્રખ્યાત....(૨)........કહિ.

(એમ બોલતી સુવૃતા ચાલવા માંડે છે; ત્યારે ગભરાઇને સમય સૂચકતા વાપરતો સુવૃતાનો હાથ ઝાલી જતી અટકાવી દૈન્યતાથી.)

અજામિલ—ભૂલ્યો ભૂલ્યોરે હું નારી;
હવે માફી માગું ત્હારી
બોલી ગયો અવિચારી. (અજામિલના હાથને તરછોડી; વધારે જુસ્સાથી)
હાંરે તમે ગુણીકા નાંખી મારી.

સુવૃતા—આ ચાલી
રે....કરૂં વાત પ્રખ્યાત—કહિ.

ગદ્ય—અરે હું તો આ ચાલી અને આખા ગામમાં જાહેર કરી આપું કે; મ્હારા ધણીએ ગુણીકાને

મારી, વેશ્યાને મારી (એમ કહી સુવૃતા ચાલવા માંડે છે તે જોઇ વધારે ગભરાઇને)

અજામિલ--(સુવૃતાનો હાથ ઝાલી જતી અટકાવીને) અરે, અરે, !! પણ તું આમ કેમ કરે છે?

સુવૃતા--(કટાક્ષથી) ત્યારે શું? એક તો તમે બાપડી ગુણીકાને મારી નાંખી; ને વળી મને વોઝારી કહો છો? ધન્ય છેરે તમારાં માતા પિતાને કે જેઓએ તમારા સમાન રત્નને જન્મ આપ્યો; વાહરે વાહ!! માણસ તો બહુ સારા જણાવ છો!

અજામિલ--(સ્વગત) અરે! આતો ઉલટો ચોર કોટવાળને દંડે. હોય, વખત છે, જોઈ લેઈશું આગળ જતાં. પણ હાલ તો સમય સૂચકતા વાપરી કામ કહાડી લેવું. હાલમાં તો તેમ કર્યા શિવાય છુટકોજ નથી. (એમ વિચારી સુવૃતા પ્રત્યે) અરે જે બનવાનું હતું તે તો બન્યું; પણ કહે હવે આ શબનું કેમ કરવું?

સુવૃતા--હું શું જાણું? તમે તમે મારી તે તમે જાણો! (એવું સાંભળી વધારે નમ્રતાથી)

અજામિલ--અરે! પણ આ વખતે ત્હારે આમ કરવું યોગ્ય નથી, ગમે તેવોએ પણ ત્હારો પતિ છું; તો ત્હારે આમ કરવું ઉચિત નથી હો! મને કાંઇ

સૂઝતું નથી. તો કહે કે આ શબનું શું કરવું ? કહે, નહિતો બહાર જો કોઇને ખબર પડશે તો મને ફાંશીની શિક્ષા થશે, ને દરબાર ઘરબાર લુંટી લેશે. તો તેમાં તને શ્યો લાભ છે ? માટે સત્વર કહે કે આશબનું શું કરવું ? કહે તું જે કહે તે હવેથી મ્હારે કબુલ છે.

સુવૃતા—જુઓ, ત્યારે મ્હારૂં કહેવું કબુલ હોય તો; લ્યો હાથમાં *પારાય, અને ખોદો વાડામાં †ખાય, રાંડની ગાંસડીવાળી ને દૈયે ખાડામાં ભંડારી, કેમ ! મ્હારી વાત ધ્યાનમાં આવે છે કે નહિ ? બોલિદો સત્વર.

અજામિલ—(વધારે નમ્રતાથી) તું જે કહે તે મ્હારે કબુલ છે. કહે હવે કેમ કરૂં ? (ત્યારે હાથમાં પારાય આપીને હસ્તે મુખે.)

સુવૃતા—કેમ તે કેમ ! ખોદો છાતીપૂર ખાડ; કે જેમાં રાંડને નાંખીયે કે ભાંગી ભુકો બને હાડ. જાઓ ! સત્વર કરો.

અજામિલ—લે ત્યારે તેમ કરૂં છું. (એમ કહિ વાડામાં જઇને ખાડ ખોદી પાછો આવે છે; ને સુવૃતા પ્રત્યે) લે ખાડ તોદી; હવે કેમ ?

---

* કોશ. † ખાડ.

સુવૃતા—કેમ તે કેમ ! અહીઆ આવો. લ્યો જોઇયે હું ઝાલું હાથડા ને તમે ઝાલો પગડા. રામ બોલોરે રામ; કરી, નાંખો ખાડામાં આમ. (એમ બોલી સુવૃતા અનંગસેનાંના હાથ ઝાલે છે, અજામિલ પગ ઝાલે છે. એમ ટાગાંટોળી કરી ગુણીકાના શબને ઉપાડે છે. સુવૃતા અજામિલ પ્રત્યે) જુઆ ! તમે તમારી ગુણવંતિ ગુણીકાનું ભલું ચાહતા હો તો, બોલો મોઢેથી; રામ બોલોરે રામ ! ! (તે સાંભળી અજામિલનું હૈયું ભરાઈ આવેછે.)

અજામિલ—હાયરે........ ! ઉં........હુ ઉ.... હૂ (પોક મૂકે છે ત્યારે.)

સુવૃતા—(શબને જમિનપર પછાડી નાંખે છે ને) કેમરે ! હું કહું તેમ કરોછો કે નહિ ? (ત્યારે હૈયું કઠણ કરીને)

અજામિલ--અરે જેમ કહો તેમ. (ફરી શબને બંન્યો જણ ઉપાડે છે.)

સુવૃતા—લ્યો બોલો ત્યારે, રામ બોલોરે રામ !

અજામિલ--(ગભરાઇને ખુખવો મૂકે છે.) ઉઅ હૂહૂ ઉંઉં,

સુવૃતા--(ક્રોધથી) હેં, હેં ! ! ફરીથી પણ; લ્યો ત્યારે આ ચાલી. (ગુણીકાનાં શબને જમિનપર પછાડીને

સુવૃતા જવા માંડે છે) ત્યારે (સુવૃતાને જતી અટકાવીને કરગરતો)

અજામિલ---અરે ભૂલ્યો ભૂલ્યો ! !

સુવૃતા—ઠીક ત્યારે, (એમ કહી ફરી શબને ઉપાડીને) લ્યો ત્યારે બોલો જોઇયે રામ બોલોરે રામ ! (કઠીણ હૃદય કરી)

અજામિલ--(ડસકાં ભરતો ભરતો) રા....મ, બો.... લો,રે રા....મ....! રામ બો, લો, રે, રા આ... મ,

સુવૃતા—કહાડી નાખ્યું કામ. બોલોરે રામ.

અજામિલ—રામ બોલોરે એ....રા....આ....મ (એ પ્રમાણે અનંસેના ગુણીકાને ખાડામાં નાંખી ઉપર ધુળ વાળી દે છે.

સુવૃતા—(ગુણીકાને દાટયા બાદ) કાશ ગઇ હાશ ! હવે તો કંઇક નિરાંત થઇ. (એમ કહી કડકડીઆં મોડે છે. ફરી અજામિલ પ્રત્યે) લ્યો ! હવે તમે તમારી ગુણવંતિ ગુણીકા બાઇનું નાહી નાખો. અને હું પણ; નદિએ નાહિ આવું નેં ઘરમાંથી ભ્રષ્ટવાડો કહાડી નાખું. (એમ કહિ સુવૃતા નદિ તરફ જાય છે, પાછળ અજામિલ સ્નાન કરી લમણે હાથ દઇ સુન્ય ચિતે બેશી જાય છે.

પ્રથમો ખંડ સમાપ્ત.

દ્વિતિય ખંડ.

(પ્રિય વાંચક ! અનંગસેના ગુણીકાના મર્ણ બાદ અજામિલ કાંઇક ઠેકાણે આવે છે. તેમાં સાધુની આશિશે તથા પ્રભુની પૂર્ણ કૃપાયે સુવૃતાને એક પુત્ર થાય છે. તેનું નામ **નારાયણ** રાખવામાં આવે છે. પુત્ર થયો છતાં અજામિલ પોતાના દુરાચર્ણને ન છોડતો ઉલટો જુગારી બની ઘરમાની તમામ માલમિલકત ફનાં કરી નાંખેછે એવા જુગારી પતિનાં દુઃખે કંટાળેલી સતિ સુવૃતા વિચાર કરે છે કે,

સુવૃતા--

(મામા શકુની, કરવુશું, એહ રાગ તાલ દિપચંદી)

નાવ્યા ઠેકાણે; નાથજી મ્હારા, (૨)
નરશા નશિબની કા'ણી છે........ના.
એક સાલને મેં, કર્યું સત્વર દૂર (૨)
જાણ્યું કે એથી હાણી છે....રે....ના.
પણ કયાં રહે તેવા છે પતિ મ્હારા;
જેણે મોઝ કૂકૃત્યોની મા'ણી છે....ના.
વૃદ્ધ થતાં બન્યા ઉલટા જુગારી
જેથી સરવ ધુળધાણી છે........ના.

ગદ્ય—નસિબ, નશિબ!! ખરે મ્હારા નશિબમાં તો દુઃખનું દુઃખજ! હાય.... ! મ્હારા સ્વામિ તો ઠેકાણે આવ્યાજ નહિ. અરેરે!! મ્હારા ધનવંત સસરાજીનાં સર્વ ધનને મ્હારા સ્વામિએ રાંડ અનગસેના ગુણીકા માટે નાશ કર્યું. પણ; જો ત્યાંથીજ રહે એમ ધારી, રાંડને સ્વધામે પહોંચાડી દીધી (કાશળ કાઢી નાખ્યું) તોએ તે કયાં રહેવાના હતા; રાંડ અનંગસેનાં ગઇ તો તેની બ્હેનો રાંડો કયાં નથી ? હા........ય! એવી રીતે પાપી જીન્દગી ગુજારતાં મ્હારા પતિ પંચ્યાશી વર્ષના બુઢા થયા તોએ हाल जाय हवाल जाय पण बंदेका खेल ना जाय તેવી રીતે વૃદ્ધ થયા, નિર્ધન થઇ ગયા તો પણ પોતાની કુટેવને ન તજતાં ઉલટાં જુગારી બની, ઘર ઘરેણાં વિગેરે ફનાં કરી નાંખ્યાં. હાય, હાય!! હાલમાં તો તે જુગારથી એટલા ખુવાર થયાં છેયે કે, ઘરમાં ખાવાને એક ટંકનુંએ અનાજ નથી. અરે તે તો બ્રાહ્મણનો અવતાર છે તો ભિખ માંગવામાં પણ ખોટ નથી, તો તેમ કરીનેએ ગુજરાન ચલાવિશું. પણ રહેવાનાં આ ઘરને પણ જુગારમાં હારી ગયા છે, તો હવે રહેવાનોએ કયાંય આધાર ન રહ્યો. ઠી...ક! નશિબ નશિબ!! (એમ કહી નિશ્વાસ મૂકે છે તેવામાં પુત્ર નારાયણ બહારથી રડતો રડતો પ્રવેશ કરીને)

નારાયણ—

(પ્યારી ત્હારા પ્રેમમાં, એહ રાહ તાલ દાદરો.)

મને ભૂખ લાગી ખાવાનું
કંઈ તું આપ માં....મ.
ખાવા આપ ભૂખ કાપ;
ઉંઉં, આં, આં,—મને ભૂખ.
લિલાં પિળાં આવે, ભમ્મર
આવેરે, તમ્મર આવેરે,
ભાન ભૂલાવેરે.... ....ચક્કર
વક્કર થાય મોરી માંય, આપ
કાંઈ; જીવ જાય....ઉં,ઉં,ઉં,ઉં,
આં, આં, આં,....મને ભૂખ.

ગદ્ય—માં, માં! ! મને ભૂખ લાગી છે. માં ! મને કંઇ ખાવાનું આપ. (એવું સાંભળી પુત્રને હૃદયે દાબી નિશ્વાશ મુકતી પુત્ર નારાયણ પ્રત્યે)

સુવૃતા—

(નથી દરકાર દેહતણી એહ રાહ, તાલ દિપચંદી.)

દઉં શું બાલુડા ખાવા,
જુવે છે હાલ તું આવા.

બની તૂજ તાત જુગારી,
ગયા ધન ધામ સહુ હારી,
થઇ દશા આ નઠારી; લાગ્યા
શિર દુઃખ દળ છાવા--દહું.

સાખી—ખાવા આપું શું તુજને;
લાલ છું પૂર્ણ લાચાર.
રહ્યું નથી કંઇ મુજકને,
વેચીને આપું કુમાર; લાગ્યા
તૂજ તાત ગુમાવા... જુવે છે.

મધ--પુત્ર ! પ્યાગ પુત્ર ! હું તને શું આપું ? (એમ કહી રડી પડે છે ત્યારે)

નારાયણ--(ગદ્‌ગદ કંઠે) મા, મા ! ! મ્હારાં પ્રિય માતા ! રડો નહિ. માતા ! મને જેટલું ભૂખનું દુઃખ નથી થતું; તેથી સો ગણું તમારાં અશ્રુઓ જોઈ મ્હારૂં અંતઃકર્ણ દુઃખ પામે છે. તો માંજી ધૈર્ય ધરો. ધિરજનાં ફળ મિઠાં છે તો માતુશ્રી, ગભરાઓ નહિ. લ્યો, મા ! મને એક કપડાંના કટકાની ઝોળી કરી આપો કે હું આડા પાડામાં નારાયણ હરિ કરી ભિક્ષા માંગી આવું. (એમ કહી માતાને નમન કરી બે હાથ જોડી ઉભો રહેછે, ત્યારે)

સુવૃતા—(પુત્રનાં મસ્તકપર હાથ મૂકીને) પુત્ર! ઇશ્વર ત્હારૂં સર્વદા કલ્યાણ કરે, ધન્ય છે, પુત્ર ધન્ય છે. (એમ કહિ માતા સુવૃતા કપડાના કટકાની ઝોળી કરી પુત્રને આપે છે. તે લઈ નમન કરી નારાયણ ભિક્ષા માંગવા જાય છે. તે ગયા બાદ) અહો હો હો!!! શું તે પુત્રનું દહાપણ, શી બુદ્ધિ;; વાહ! હું જ્યારે દુઃખથી શોક કરૂં છું; ત્યારે મને કેવી ધૈર્ય આપી શાન્ત કરવા પ્રયત્ત કરે છે. અહો! હજુ તો મ્હારા સદ્‌ગુણી પુત્રને છઠું ઉતરી સાતમુજ વર્ષ બેઠું છે તો પણ એટલાં ન્હાનાં બાળકને પ્રભુએ કેવું જ્ઞાન આપ્યું છે? કે દુઃખી માતાને દુઃખમાં પણ સુખ દેવાવાળો થાય છે. અહો, હું તો સર્વદા પ્રભુ પાશેં એજ માંગુંછું કે, માવિત્રોના બાળકોને પ્રભુ સદ્‌બુદ્ધિ તથા જ્ઞાન આપો કે; દુઃખી માવિત્રોને પણ સુખરૂપ થઇ પડે. (તેવામાં ટાઢથી ધ્રુજતો ધ્રુજતો)

અજામિલ—(પ્રવેશ કરીને) હુ........ઉ....હા ....આ........અરરરરરર....મને ટાઢ ચ્હડીછેરે ... .!

સુવૃતા—(ગભરાઇને) અરે અરે!! પણ તમોને શું થયું? લ્યો તમોને બિછાનું કરી આપું. (એમ કહિ ગાભરી થયેલી સુવૃતા બિછાનું કરે છે. બિછાનું કરી રહ્યા બાદ અજામિલ પ્રત્યે લ્યો આ બિછાનાંમાં સૂઓ ત્યારે)

અજામિલ—ઓયરે માં, અરરરરરર........મને કયાંયે સુખ વળતું નથી. અરરરરરર........હાડ ભાંગી ગયાંરે........! (એ પ્રમાણે બોલતો અજામિલ પથારીમાં પડે છે ને ટાઢથી હુળહુળવા માંડે છે) હું........ઉં.... હા........ઓયમાં....ઓયરેમાં....અરરરર,

સુવૃતા—(આંખમાં આંસું લાવીને) લ્યો તમોને ટાઢ વાય છે તો ઓઢાળું. (એમ કહી ઘરમાં રહેલા ફાટયાંતૂટયાં ગોદડાંના ગાભાને ઠીકઠાક કરી સતિ પોતાના પતિને ઓઢાળે છે. પણ અજામિલ તો ટાઢથી હુળબળ્યા જ કરે છે. તેની પથારીમાં બેશી તેના પગ દાબવા માંડે છે. તેવામાં અજામિલ નો પાપિ આયુષ્યઃ પૂર્ણ થવાથી, જેઓની ભયાનક દાંત તથા દાઢીઓ છે. હાથમાં કાળ-પાશને ધારણ કર્યા છે, એવા મહા ભયંકર ત્રણ યમદૂતો અજામિલની મર્ણ પથારી પાસે આવી ઉભા રહે છે, તેઓને જોઈ અજામિલનો પાપિ પ્રાણ ગભરાઇ જાય છે. આંખ્યો ચક્કર વક્કર થવા માંડે છે તે જોઇને)

સુવૃતા—(ગભરાટથી) નાથ, નાથ !! એ સ્વામિનાથ ! તમોને શું થાય છે? હે વ્હાલા. (પણ અજામિલથી કંઈ બોલી શકાતું નથી કેમકે ભયાનક યમોને જોઈ મહા ગભરાટ પામ્યો છે, તેથી તેને કંઈ શુદ્ધિ રહી

નથી; એવી રીતે મર્ણ પથારીમાં પડેલા પતિ તરફથી જવાબ ન મળવાથી ગભરાઇને સુવૃતા વિચાર કરવા લાગી કે) અરે ! આતે મ્હારા પતિને શું થયું ? કે બોલી પણ શકતા નથી. અરે ! હજુ સુધી પુત્ર નારાયણ પણ બહારથી નથી આવ્યો. હવે મને ભય ભાસે છે. તો આડોશીપાડોશીઓને તો બોલાવિ લાવું. (એમ વિચારી સતિ સુવૃતા ગભરાયલી ગભરાયલી પાડોશીઓને બોલાવવા ત્વરાથી જાય છે, તેવામાં પ્રાણ લેવા આવેલા યમદૂતો કાળપાશ નાંખી પ્રાણને ખેંચવા જાય છે કે અજામિલનો પાપિ આત્મા ગભરાઇ ગયો, આંખ્યો ફાટી રહી ગઈ, મ્હોડું ખુલ્લું રહી ગયું એવી સ્થિતિમાં પોતાનો પુત્ર નારાયણ યાદ આવે છે, તેથી કાળપાશથી ખેંચાતાં ખેંચાતાં વ્યાકુળ બનેલો)

અજામિલ—ન્ ... અ.... નઅ...ના.... રાયણ .... અંઅં (એવો પુકાર કરે છે. અહો, સુજ્ઞ વાંચક ! મહા પાપિ છતાં મરતાં મરતાં પોતાના પુત્રને બોલાવવા માટે નારાયણ ! એટલુંજ અજામિલ મહા મહેનતે બોલી શક્યો તેમાં કૃપાળુ પ્રભુએ માની લીધું કે, અહો આ પાપિ પુરૂષે મરતાં મરતાં પણ મ્હારૂં નામ લીધું. એવા કૃપાળુ પ્રભુના નંદ, સુનંદ નામના બે પાર્ષદો જ્યાં આગળ પાપિ

પ્રાણને કાળપાશ નાંખી યમદૂતો ખેંચી રહ્યા છે. કાળ-પાશથી ખેંચાતા અજામિલનાં હાથપગની નાડીઓ તૂટવા માંડી છે. મોંઢે ફીણ આવી રહ્યાં છે એવા એ નારાયણ નામ લ્હેનારા અજામિલપર પ્રસન્ન થયેલા વૈકુંઠમાંથી ઉતરતાં ઉતરતાં)

નંદ, સુનંદ—(અજામિલનાં આત્માને ખેંચતા યમદૂતો પ્રત્યે)

(દુઃખદ આ સંસારમાં ખરે કોઈ, એ રાહ, તાલ દાદરો.)

નાંખો ન નાંખો ન કાલ પાશ,
કરશોન સહાશ; રે .. ....એ—નાં.
લિધું મુખે **નારાયણ** નામ;
કરીને પ્રયાશ; રે........નાંખો ન.

યમદૂતો—છે મહા પાપિ જીવ આ;
પાપનો ઉર આભાશરે;........
યમ આજ્ઞા સ્વીકારી;
આ દૂરાચારીને; લઇ જઈયે
યમ આવાશ; રે,........

નંદ સુનંદ—એ.........નાંખો ન—૦
આ જીવનો હવે યોગ્ય નથી;
યમપુરીમાં વાશરે........એ. (૨)

હતો પાપ પારાયણ,
બોલ્યો નારાયણ, થયાં પાપ
નાશરે........નાંખો ન નાં.

ગદ્ય—બશ કરો, બશ કરો!! ખબરદાર છે! આ જીવને કાલપાશથી ખેંચશો નહિં. (ત્યારે ગર્વથી શ્રીવિષ્ણુ દૂતો પ્રત્યે)

યમદૂતો—બશ, અમોને અમારા મહારાજ શ્રી યમરાજનો ખાશ હોકમ છે. માટે અમે આ પાપિને યમપુરીમાં હાજર કરી; તેનાં મહા પાપકર્મોનાં ફળમાં મહા ભયંકર નર્ક કુન્ડોમાં નાંખીશું. અહોહો!! સર્વોપરી વિપ્ર કુળમાં જનમ્યા છતાં મદિરાપાન કરનારા આ પાપિને વજ્રરસ પાન કરાવીશું. પરસ્ત્રી સંગ કરનારા આ પાપિને ધગધગતા લોહ સ્થંભ સાથે બાથ ભિડાવીશું. એવી રીતે આ પાપિને તેનાં મહાન પાપોનાં ફળો આપવા માટે આ કાળ પાશથી બાંધી માર મારતા અપાર દુઃખ આપતાં સત્વર મહારાજ શ્રીયમરાજની હજુરમાં ઉભો કરીશું. (એમ કહી પ્રાણને ખેંચી યમદૂતો ચાલતા થાય છે. તે જોઇ તેઓને જતા રોકીને)

નંદ, સુનંદ—(સહ ક્રોધે યમદૂતો પ્રત્યે) અહો યમદૂતો! અમો તમોને કહીયે છીયે કે આ અજામિલના

જીવને કાળપાશથી સત્વર મૂકત કરો. (એવું શ્રીવિષ્ણુ દૂતોનું કહેવું શ્રવણ કરીને)

યમદૂતો-- (નંદ સુનંદ પ્રત્યે)

(શા માટે શ્રમ કરે સતિ તૂજ. એ રાગ. તાલ ધુમાળી.)

શા માટે જક્ક કરો, મુમત
શીદ ધરો તમો ખાલી--મુ.
રહ્યા શું વૃથા વાદ ઝાલી—શા.
મહા પાપ કૃત્યનો કરનારો,
કૂડાં કર્મપર પ્રિતિ ધરનારો;
પડયો પથારી બની મરનારો,
જોયો પાશ પ્રાણ હર જ્યારે
ડરીને બિચારે (૨)
સંભાળી લીધી વસ્તુ વ્હાલી;
તેથી શું પાપ ગયાં ચાલી—શા.

નંદ, સુનંદ--(સાખી) ગમે તેમ પણ
હરિવરનું, લીધું મુખથી નામ,
તો હરિ નામ પ્રતાપથી........
થયાં પાતિક નાશ તમામ........

એવી વાતને હૃદયે વિચારી,
છોડો છોડો કહ્યે વારંવારી,
નહિં તો વાત ન નિવડશે સારી,
એમ વાત વિચારી;
છોડો કૃપાધારી (૨)
પાપ ગયાં વદતાં વનમાલી—પાપ.
તજો રફૂજક્ક તમો ખાલી--શા.

યમદૂતો—(સાખી) અમને આવતો નથી જરી,
તમ વચનનો ઈતબાર........
લ્હેતાં નારાયણ નામ સુતનું,
શું ગયાં પાતિક અપાર.
તમ વચનો નથી સત્ય જરાયે,
પાપ મૂક્ત પાપિ કેમ થાયે;
હો હરિદૂત તમો કરી અન્યાય,
કરો શું કૃત્ય; જુઓ જરી સત્ય,
કરોછો પાપિની દલાલી--(૨)
ધાર્યો શું ન્યાય દેવા ટાલિ--શા.

(ગદ્ય)—બસ ! બસ ! અમો તમારી વાતને

સત્ય માનતા નથી ! (એમ બોલતા યમદૂતો પોતાનો માર્ગ લ્હે છે તેઓને રોકીને)

નંદ, સુનંદ—(સહક્રોધે) યમદૂતો ! અમો વારંવાર કહીએ છીએ કે આ પુણ્યાત્મા જીવને સત્વર મૂક્ત કરો. (પણ જાણે કાંઇ સાંભળતાજ ન હોય, તેવી રીતે કાંઇબી બોલ્યા વિના યમદૂતો પોતાના માર્ગે જવા માંડે છે. ત્યારે ક્રોધે ભરાયેલા નંદ, સુનંદ, અજામિલના આત્માને યમદૂતો પાસેથી જોરાવરીથી ઝુંટાવી લ્હે છે, અને તે પ્રાણને ફરી ખોળીઆમાં મૂકી દે'છે. ત્યારે અજામિલ આળસ મરડી પથારીમાં બેઠો થાય છે તે જોઇને)

યમદૂતો—(વિષ્ણુદૂતો પ્રત્યે) ઠીક છે, ઠીક છે !! જોઇ લેઇશું. તમોએ અમારા મહારાજા શ્રી યમરાજનું અપમાન કર્યું છે, તો અરે અન્યાયિ વિષ્ણુદૂતો ! અમો અમારા મહારાજા પાસે ફર્યાદ કરી તમારી ખબર લઈશું. (એવું યમદૂતોનું વચન શ્રવણ કરીને.)

નંદ, સુનંદ—જાઓ, જાઓ !! તમારાથી જે થાય તે કરજો. (ત્યારે ક્રોધે ભરાયેલા)

યમદૂતો--કરીલે શું ! કરી લઇશું, કરી લઈશું !! (એમ બડબડતા બડબડતા યમદૂતો ચાલ્યા જાય છે.)

અજામિલ—(યમદૂતો ગયા બાદ) આ....હાહા હાહા (એમ આળસ મરડી ઉભો થાય છે. અને બે હાથ જોડી નંદ સુનંદને નમન કરી કંઇ કહેવાની ઇચ્છા કરે છે. તેવામાં નદસુનંદ અદ્રશ્ય થઈ જાય છે ત્યારે સ્વગત વિચાર કરવા લાગ્યો.)

(સાત દિવસ બાદ પ્રિયા દિલ્હી, એહ રાહ, તાલ.)

ખેંચી જતાતા પાશ નાંખી
તે યમ દૂત દુઃખ કારીરે....ખેં.
મરતાં લ્હેવાણું નામ નારાયણ
તેહ સુણી દુઃખ હારી રે—ખેંચી.
મુજને છોડાવ્યો ખરે તે હરિદૂત
મૂકત કર્યો કૃપા ધારીરે....ખેંચી.

ગદ્ય—અહોહો!! હું મહા પાપિ, દુરાચારી, વ્યભિચારી, જુગારી તથા ન કરવાનાં કૃત્યો કરનારો હતો; છતાં પણ નારાયણ એવું નામ મર્ણ સમયે મ્હારાથી લ્હેવાઇ ગયું. અરે! તે તો મેં મ્હારા પુત્રને નારાયણ! કહી બોલાવ્યો હતો. અહો! એ તો પુત્રને નારાયણ એમ બુમ પાડતાં તે નામના મહા પ્રતાપે પ્રભુએ મ્હારાપર દયા કરી પાપ

રહિત બનાવિ મહા ભયંકર યમકિંકર પાસેથી મૂક્ત કરાવ્યો. અજાણતાં (પુત્રને બોલાવતાં) મ્હારાથી नारायण એવું નામ લ્હેવાઇ ગયું તેમાં પ્રભુએ મ્હારાપર આટલી બધી મ્હેર કરી (પાપ રહિત કરી યમદૂતો પાસેથી મૂકત કરાવ્યો) તો હવેથી હું તે દયાળુ કૃપાળુ પ્રભુનું તન મનથી નામ સ્મરણ કર્યા કરીશ તો પ્રભુ મ્હારાપર કેટલી દયા ધરશે ? અહોહો ! ! તેની તો સીમાજ નહિ. બસ ! હવે તો શ્રી હરિદ્વારમાં વાસ કરવો; ત્યાં એકાગ્ર ચિત્તે પ્રભુનું તપ કરી આ સંસાર સિન્ધુથી તરી જવું એજ મ્હારૂં ખરૂં કર્તવ્ય છે.

श्रीमद्रारायण नारायण हरि नारायण—શ્રી એ પ્રમાણે હાથમાં માળા લઈ પ્રભુનું નામસ્મરણ કરતો કરતો **અજામિલ** ખાટલાપર બેસેછે. તેવામાં સુવૃતા પાડોશીઓ પાડોશણો સહિત ઘરમાં ત્વરાથી પ્રવેશ કરે છે. અજામિલ તો હાથમાં માળા લઈ એકાગ્ર ચિત્તે બેઠો બેઠો પ્રભુનું નામ સ્મરણજ કરી રહ્યો છે. તે જોઈ સર્વે મહા આશ્ચર્ય પામે છે. જેણીનો પતિ મરણ પથારીમાં પડયો ડચકાં ભરી રહ્યો હતો, જેને બોલાવતાં પણ જવાબ ન મળ્યો હતો. એવા

પોતાના પતિને બેસીને તન મનથી પ્રભુનું ભજન કરતો જોઇ ચકિત બનેલી એવી)

સુવૃતા—(અજામિલ બેઠો હતો તે નજદિક જઈને) તમારી તબીયત કેમ છે વ્હાલા ? (એમ કહિ શરીર તપાસે છે. ત્યારે હસ્તે હસ્તે)

અજામિલ--(સુવૃતા પ્રત્યે) શું હતું ?

સુવૃતા—સ્વામિનાથ ! જ્યારે તમોને ટાઢ ચ્હડી હતી, ત્યારે હું આપની ચર્ણસેવા કરતી આપની પાસેજ બેઠી હતી, તેવામાં તો આપને કોણ જાણે શુંનું શુંયે થઇ ગયું, કે તમે બોલી પણ શકતા ન હતા. એવો ભયાનક દેખાવ જોઇ હું ગભરાઈ ગઇ. અને સત્વર આડોશી પાડોશીઓને બોલાવવા માટે દોડી, (તેવામાં ભિક્ષાર્થે ગયેલો)

નારાયણ--(ઉતાવળો, ઉતાવળો પ્રવેશ કરી માતાને નમિને) મા, મા ! મ્હારા પિતાશ્રીની તબીયેત કેમ છે ? હું તો ચાલ્યો આવતો હતો તેવામાં મને એવાં

સમાચાર મળ્યા કે, મ્હારા પિતાશ્રીની તબીયત બહુજ બગડી ગઇ છે, તે સાંભળી હુ ત્વરાથી ઘેર આવ્યો. (પુનઃ પિતાને નમિને) પુજ્ય પિતાશ્રી! આપને કેમ છે? (એમ કહી પુત્ર પિતાનું શરીર તપાસે છે.)

અજામિલ—ઠીક છે ભાઇ! ગભરાતો નહિ હો! (એમ પુત્રને ધૈર્ય આપીને ફરી માળા ફેરવતો પ્રભુ સ્મરણ કરવા માંડે છે.) श्रीमन्नारायण नारायण हरिनारायण.

પાડોશીઓ—(અજામિલ પ્રત્યે) ભાઇ અજામિલ! શરીરે ઠીક ન હોય ત્યારે ઝાઝું બોલ બોલ ન કર્યે, જરા સુઇ રહો તો ઠીક. (ત્યારે અજામિલે બનેલો સર્વ વૃતાંત પાડોશીઓ પ્રત્યે કહ્યો કે, મને યમદૂતો કાળપાશથી બાંધી લઈ જવાને તૈયાર થયા તે સમયે મને મ્હારો પુત્ર **નારાયણ** યાદ આવ્યો, તે સમયે બોલવાનું તો ઘણું અશક્ય હતું, છતાં પણ મહા પ્રયાસે नारायण! એટલો ઉચ્ચાર મેં કર્યો. મેં અજાણતાં (પુત્રને બોલાવતાં) नारायण એવું નામ ઉચાર્યું. તે મહાન પુણ્યકારી પાપહારી નામના મહા પ્રતાપે પ્રભુ મ્હારાપર પ્રસન્ન થયા, અને સર્વ પાપોથી

રહિત બનાવી, ભયંકર એવા યમદૂતની પાશથી મૂક્ત કરાવ્યો. (તે સાંભળી સર્વે મહાશ્ચર્ય પામે છે. પાડોશીઓને બનેલો વૃતાંત કહ્યો. પુનઃ પોતાની સ્ત્રી સુવૃતા પ્રત્યે)

અજામિલ—

(નૃપ પાસે જ્ઞાની સમાજ ભરાશે. એહ રાહ, તાલ ત્રીવટ)

સુણ નારી વાત તું મ્હારી–સુ.
જગ જનમ્યાનું કર્યું નવ સાર્થક,
બન્યો વ્યભિચારી જુગારી–સુણ.
લોકલાજ તજી ફર્યો જગતમાં,
કરી નિચ નારીની યારી........
કર્યા અધર્મો, બની હું બેશર્મો (૨)
શ્રી હરિની ભીતિ નવ ધારી....સુ.
તો પણ "ત્રંબકલાલના" પ્રભુએ,
લીધો સંકટથી ઉગારી........સુણ.

ગદ્ય—સદ્ગુણી સતિ! મેં આ જગત્માં જનમ્યાનું ખરૂં સાર્થક ન કર્યું, અરેરે!! તે માટે મને હવે બહુજ પસ્તાવો થાય છે. તો હવે આ જગત્માં જન્મીને મેં જે ન કરવાનાં કૃત્યો કર્યા છે. તે સર્વ

નિચ કર્મો નિવારણ કરવા માટે શ્રી હરિદ્વારમાં વાસ કરી પાપહર્તા પ્રભુનું તપ કરી આ સંસાર સિન્ધુથી તરી જવાનો વિચાર રાખું છું શ્રીમન્નારાયણ नारायण हरि नारायण (ઈત્યાદિ શબ્દો ઉચ્ચારતો માળા ફેરવતો પ્રત્યુત્તરની રાહ જોતો ઉભો રહે છે ત્યારે પોતાનાં સતિ ધર્મની ફર્જ બજાવતી. બે હાથ જોડી પોતાનાં પતિ પ્રત્યે)

સુવૃતા—

(ઉત્તાનપાદ સંતાન અચળ. એ રાગ તાલ દાદરો)

સુવૃતા--આરાધી નારાયણ, કરો કલ્યાણ,

પ્રિય પતિ મા'રા............આરાધી.

અજામિલ--ધન્ય સતિ, ગુણી અતિ

વચન છે ત્હારાં.......... આરાધી.

(ગદ્ય)

સુવૃતા--પણ !

અજામિલ--પણ એટલે ! શું મને ફરી સંસારીક મોહજાળમાં નાખવા ધારે છે કે શું ?

સુવૃતા—(નમ્રતાથી) ના પ્રભુ !

અજામિલ—કહે ત્યારે.

સુવૃતા—સ્વામિનાથ ! મ્હારી એક છેલ્લે છેલ્લી અર્જ છે કે આપણે સર્વે સંગાથે છેલ્લે છેલ્લું દુઃખહારી સુખકારી પ્રભુનું ભજન કરીયે. (એમ કહી નમન કરી ઉભી રહે છે ત્યારે સુવૃતા પ્રત્યે હર્ષથી)

અજામિલ—ઘણી ખુશીથી સતિ ! ચાલો પ્રભુ સાંત્વન કરીએ. श्रीमन्नारायण नारायण हरिनारायण .

સુવૃતા—જેવી આજ્ઞા. (કહી પતિને નમન કરે છે. પુનઃ પુત્ર પ્રત્યે) પુત્ર નારાયણ ! આવ, તું તાલ બજાવ.

નારાયણ—(માતા પિતાને નમિને) જેવી આજ્ઞા. (નારાયણ તાલ બજાવે છે, અજામિલ તંબુર હાથમાં લ્હે છે. એ પ્રમાણે સર્વે છેલ્લું પ્રભુ ભજન કરે છે).

સર્વે—(ગોવિન્દ હરિ ગોપાલ એહ રાહ, તાલ ત્રીવટ.)

નારાન કહોરી...,નારાન કહો.

અજામિલ--દેખી દશા મોરી;
નારાન કહોરી (૨)

સર્વે--નારાન કહોરી....નારાન કહો.

અજામિલ--ઉત્તમ બ્રાહ્મણ;
કુલસેં બટક્યો (૨) નવહરિ
નામ લ્હયોરીરે ....હાં....

સર્વ—નારાન કહોરી નારાન કહો.

અજામિલ--સુતકા નામ;
નારાયનસે મેં (૨) કાલપાશ
તે બચ્યોરીરે હાં........

સર્વ—નારાન કહોરી નારાન કહો.

——:૦:——

પ્રભુ સ્તુતિ કરી રહ્યા બાદ,

અજામિલ—(સર્વે જનો પ્રત્યે)અહોહોહો !!! મેં એક પુત્રનું નારાયણ એવું નામ લિધું; તે એક **નારાયણ** નામથીજ મ્હારાં સર્વ પાપો બળી ભસ્મ થયાં, અને હું કાળ પાશથી મૂક્ત થયો. તો હું સર્વેને છેલ્લે છેલ્લા બે બોલ કહેતો જાઉં છું કે, તમો જો શુદ્ધ અંતઃકર્ણથી પ્રભુનું ભજન કિર્ત્તન યાતો ફક્ત એક વખત પ્રભુનું નામ સ્મર્ણ કરશો તો તમારાપર, સુખકર રમાવર કેવા કૃપાવંત થશે? અહોહોહો !!! કે જેની સીમાજ નહિં હ્યો, હવે સર્વેને મહારા છેલ્લા પ્રણામ છે.

શ્રીમદ્ નારાયણ, નારાયણ

હરિનારાયણ. શ્રીમદ્ નારાયણ—શ્રી.

(સર્વને છેલ્લો ઉપદેશ કરી ઉપર પ્રમાણે પ્રભુનું ભજન કરતો કરતો, અજામિલ શ્રી હરિદ્વારનો પંથ લ્હે છે.)

• **સુવ્રતા**—(અજામિલ ગયા બાદ) નારાયણ! નારાયણ ! નારાયણ; લેઓ શર્ણે ! એટલું બોલી સમાધી ચઢાવી જાય છે, કે તાળવું ફાટેછે તેમાંથી સતિ સુવૃતાનો

પ્રાણ શ્રીહરિની હજુરે પહોંચી જાય છે. (યા તો સતિ સુવૃતે મર્ણ પામે છે. એવો ભયાનક દેખાવ જોઇ)

નારાયણ—(ગભરાઇને) મા! મા!! અરે માતુશ્રી! તમોને શું થયું. (એમ બોલતો બાળક નારાયણ માતાનાં શબ તરફ જવા માંડે છે કે નારાયણને જતો અટકાવીને)

પાડોશીઓ--હાં, હાં!! ભાઇ ગભરામાં, બાપુ, ગભરામાં. ભાઇ! ત્હારી માતા તો સદાની પ્રભુનાં ચર્ણ-કમળે વાસ કરવાવાળી થઇ. (તે સાંભળી)

નારાયણ--ઓ; માડીરે....તું કયાં ગઈ....રે!

પાડોશીઓ--ભાઇ! રડ નહિ, રડ નહિ. (પણ નારાયણ છાનો રહેતો નથી, ને મર્ણ પામેલી માતા સામું જોઇ જોઇ માથાં પછાડતો અત્યાક્રંદ કરે છે ત્યારે)

પાડોશણો--દીકરા! ગભરામાં, બાપુ ગભરામાં!! પ્રભુ સૌ સારૂં કરશે. (એમ કહી નારાયણનો હાથ ઝાલી દૂર તેડી જાય છે. બાદ સુવૃતાની દાહક્રિયાદિ પાડોશીઓ કરે છે. તે બાદ સારા પાડોશીઓના ઉદાર આશ્રય હેઠળ

નારાયણ મ્હોટો થાય છે. યોગ્ય વયનો થતાં કાશીએ વિદ્યાભ્યાસ કરવા જાય છે, ત્યાંથી સારી વિદ્યા સંપાદન કરી અંતે સુખી થાય છે. બીજી તરફ હરિદ્વાર ક્ષેત્રમાં કેટલાક દિવસો તપ કરી ત્યાંથી ગંગા સંગમ જ્યાં આગળ થાય છે તે સ્થળે અજામિલ જઇને સમાધી ચડાવી બેસી જાય છે કે, શ્રી વિષ્ણુ ભગવાનના પાર્સદો વૈમાન લઇને આવે છે. પંચભૂતાત્મક શરીરનો ત્યાગ કરી, તે વૈમાનમાં બેસી અંતે જય જય ધ્વનિથી ગગન મંડળને ગજાવતો અજામિલ વૈકુંઠમાં જાય છે. शुभं भवंतु.

છેલ્લી સ્તુતિ.

(વાત સુણો માત મ્હારી. એ રાગ)

ગાવો શ્રી નારાયણ નામ ભવ ભય હારી....ગા.
ભવ ભય હારી, ઉભય લોક સુખકારી........ગા.
સદ્‌બુદ્ધિ થકી હીન પાપ કર્મમાં પ્રવીણ
વિપ્ર અજામિલ મહા પાપ ધારી....
મહા પાપ ધારી દિધો, નામથી ઉદ્ધારી....ગા.
કહે વ્યાસ ત્ર્યંબકલાલ ભાવે ભજો શ્રી ગોપાલ

ગાવો દુઃખ હર દયાલ મહા સુખ કારી, મહા
સુખ કારી ઉચારી, ધ્વની ઘો પ્રસારી....ગાવોશ્રી.

(ભૂપ રાગ તાલ ઝંપા.)

અચ્યુતં કેશવં રામનારાયણ
કૃષ્ણ દામોદરં વાસુદેવં હરિ....અ.
શ્રીધરં માધવં ગોપીકા વલ્લભમ્
જાનકિ નાયકં શ્રી રામચંદ્ર ભજે

ઇતિ વ્યાસ ત્રંબકલાલ કૃત શ્રી સંગિત અજામિલ યાને
શ્રી નારાયણ નામ મહાત્મય

સમાપ્ત.

|| श्री गोपालो जयति ||

જરૂર વાંચો! **જરૂર વાંચો!!**

સુજનને વિદીત યાને સુચના.

સર્વે શ્રદ્ધાળુ ભકતોને અમો જણાવીએ છીએ કે અમારી બનાવેલી શ્રી સત્યનારાયણની સંગિત કથા જે છપાઈને બહાર પડી ચુકી છે, તે સંગિત કથાને અમો જાતે વાજીંત્ર આદી સાહિત્યોથી પાંચે અધ્યાયોને હાસ્ય, કરૂણા, વિર અને વૈરાગ્ય એવા ચારે રસોથી રસિકતાપુર્વક ઉભા કથા વર્ણવિએ છીયે, (કે જેમાં સોનાનો ચાંદ બક્ષીસ મળ્યો છે.) તો, જે ભાવિકોને શ્રી સત્યનારાયણની સંગિત કથા કરાવવી હોય તેણે ખબર આપવી યા મળવું. ખબર આપેથી યા મળેથી તે ઉત્સાહી સજ્જન સાથે સર્વ ખુલાસો કરીશું. અમારી કથાના ભાવિક ભકતોએ અમારી કથા પરત્વે પૂર્ણ કાળજી રાખવી કે અમો કોઇને પણ અમુક રકમ આપવા આગ્રહ કરતા નથી. જેની જેવી શક્તિ હોય તેટલેથીજ અમો ઘણી ખુશી સાથે પ્રભુનો મહિમા વર્ણવી લાભ આપીશું એજ. તથા અમારાં બનાવેલાં આખ્યાનો કે, સંગિત ધ્રુવ, શ્રી સંગિત અજામિલ યાને શ્રી નારાયણ નામ મહાત્મ્ય તથા પતિતારક સતિ, શ્રી સંગિત શ્રી દામદેવ (સુદામા) તથા શ્રી સંગિત પુરૂષોત્તમ યાને શ્રી અધિક માસની સંગિત કથા કે જેમાં સત્યવાદિ પાન્ડવો, મેધાવી તથા શુદેવ, કદર્ય વિગેરેનાં ચરિત્રોને ઘણી રસિકતાથી વર્ણવેલ છે. તો ઉત્સાહિ જન આ લાભ લેવા ચુકશે નહિ એવી આશા છે. એજ.

પ્રીન્ટર—મગન[illegible] જગજીવનદાસ.
ઠેકાણું—સરસ્વતી [illegible]સ, નં. ૩૩૨–૩૪ નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.
પબ્લીશર—વ્યાસ ત્ર્યંબકલાલ તુલસીદાસ.
ઠેકાણું—કાપડ બજાર, શ્રી ગોપાળલાલની હવેલી, માહિમ (મુંબ

ચોપડી મળવાનું ઠેકાણું—

ઠા૦ વસનજી પરમાનંદ ચાહાવાળા—કાળબાદેવી, નર-
નારાયણના મંદિર પાસે, મુંબઈ.

[illegible]ી **સરસ્વતી પ્રેસ**, નાગદેવી સ્ટ્રીટ, ૩૩૨–૩૩૪, મુંબઈ.

વ્યાસ ત્ર્યંબકલાલ તુળસીદાસ, કાપડ બજાર, શ્રી ગો-
પાળલાલની હવેલી—માહિમ (મુંબઈ)